# ચંદ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૨

○ સંકલન ○

રમ્યરેણુ



# ચન્દ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૨

: દિવ્યકૃપા :

પ.પૂ. આ. શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહરાજા
પ.પૂ. આ. શ્રીમદ્ વિજય ૐકારસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. તપસ્વીરત્ન પૂ. ચન્દ્રયશવિજયજી મહારાજા

◆ ◆ ◆

: શુભાશિષ :

પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય અરવિંદસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યશોવિજયસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભાગ્યેશવિજયજી મહારાજા
પ.પૂ. ગુરુમાતા સા. રમ્યગુણાશ્રીજી મ.સા.

◆ ◆ ◆

: સંકલન :

પૂ. સા. ભવ્યગુણાશ્રીજી મ.સા.

: ગ્રંથ પ્રકાશક :
શ્રી કૈલાશનગર જૈન સંઘ-સુરત

: પ્રાપ્તિસ્થાન :

શ્રી વાવપથક જૈનવાડી
દશાપોરવાડ જૈન સોસાયટી, પાલડી, અમદાવાદ-૭.

વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ
ૐકારસાહિત્યનિધિ, હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)
ફોન :(૨૭૪૪) ૨૩૩૧૨૯

આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧.
ફોન :(૦૨૬૧) ૨૪૨૬૫૩૧

સી મહેન્દ્ર એન્ડ કું.
૧૮-એ, લેંડ્સ એન્ડ એપાર્ટમેન્ટ, ડુંગરશીરોડ,
ૐકારસૂરિ ચોક, વાલકેશ્વર, મુંબઈ. ફોન-૨૩૬૩૭૮૯૭

૧૨૦૪, પંચરત્ન ઓપેરા હાઉસ, મુંબઈ-૪.
ફોન-૦૨૨-૨૩૬૪૨૫૦૯

મુદ્રક : ભરત ગ્રાફિક્સ,
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩
(મો.) ૯૯૨૫૦૨૦૧૦૬

# સમર્પણ

જ્યારે જ્યારે યાદ આવે બચપન તમે ખભા પર બેસાડીને કરાવેલી તીર્થયાત્રાઓ.
આંગળી પકડીને સંયમના આંગણા સુધી પહોંચાડવાનો સઘન પ્રયત્ન, અને સંયમ-પ્રાપ્તિ પછી પણ સતત રાખેલી સંભાળ...
પિતાશ્રી તરીકેના તમારા અવતારનું આ સાફલ્ય-ગાન પણ, અમારા માટે તો એ વિરાટ ઋણનું ધામ.
જેને ક્યારેય ન ઉંચકી શકાય કે
ન ક્યારેય ઉલ્લંઘી શકાય
અત્યારે તો એ સ્મૃતિનાં કેન્વાસે
એક આલેખી છે આ નાનકડી પ્રયત્નરેખા.
તમે એને તકદીર કે જીવંત તસ્વીર બનાવી દેજો.
એ તકદીર, એ જીવંત તસ્વીર
જેમાં તમારી ઈચ્છાનું જ પ્રતિબિંબ ઝળકતું હોય...
અને તમારી ઈચ્છા એટલે 'સ્વાધ્યાયમય જીવન'
તમારા પ્રેરણા-પથે આ સ્વાધ્યાયની શ્રેણિ
તમને સમર્પિત...

ભવ્યગુણાશ્રી

# સાધનાલોકની સફરે

'આતમજ્ઞાની શ્રમણ કહાવે?...' કહીને પ્રભુના પ્યારા સાધકની આત્મજ્ઞાની તરીકે પ્રતિષ્ઠા પૂ. આનન્દઘનજી મહારાજે કરી છે.

આવો આત્મજ્ઞાનમાં ડૂબેલ સાધક કેવો હોય?

'આતમજ્ઞાને મગન જો, સો સબ પુદ્ગલ ખેલ; ઈન્દ્રજાળ કરી લેખવે, મિલે ન તિહાં મનમેલ...' બધું જ લાગે નિરર્થક, શૂન્ય.

બ્રહ્મજ્ઞાન લેવા એક સાધક ગુરુ પાસે ગયો. ગુરુએ એને પૂછ્યું: તું આખું શહેર વીંધીને આવ્યો. તેં શું જોયું શહેરમાં?

સાધક કહે છે: માટીનાં પૂતળાં માટી માટે ઝઘડતાં હતાં તે મેં જોયું હતું.

ગુરુએ આગળ પૂછ્યું: આ ખંડમાં અત્યારે શું ચાલી રહ્યું છે? સાધકે કહ્યું: એક માટીનું પૂતળું ગુરુ પાસે જ્ઞાન લેવા બેઠું છે.

ગુરુ પ્રસન્ન થયા. અને તેને તેમણે બ્રહ્મવિદ્યા આપી.

સમાધિશાતક અને સમતાશતક માં બહુ જ મજાની, વારંવાર મમળાવવી ગમે તેવી કડીઓ છે.

કડીઓને ગુનગુનાવો, ભીતર રણઝણાવો અને માણો।

તપસ્વી મુનિરાજ શ્રી ચન્દ્રયશ વિજયજીની પુણ્યસ્મૃતિમાં પ્રકાશિત થતી આ પુસ્તકની રચનાઓ સાહિત્યને મઝાના સાહિત્યલોકમાં લઈ જાય।

જીરાઉલાજી તીર્થ
ચૈ. વ. ૮, વિ. ૨૦૬૨

શીલચં. સૂરિ..

# અંતરની આરઝૂ

તમારા પગમાં ગતિ હતી વૈયાવચ્ચની.....
તમારા આંખોમાં અજવાસ હતો
અહોભાવનો.....
તમારા હાથમાં પ્રગટતી હતી
પ્રક્રિયા પ્રભુસ્મરણ...
તમારા અસ્તિત્વમાં હતી લકીર
નિર્ગ્રંથતાની...
તમારાં એ તેજને
અમારાં અસ્તિત્વમાં
અમારાં જીવનના પ્રત્યેક પડાવમાં
પ્રસરાવજો.......
અમને તમારા ગુણ મળ્યાં
સાન્નિધ્યનું
અક્ષર સૌભાગ્ય
આપજો.....

ભવ્યગુણાશ્રી

# પૂ. તપસ્વી શ્રીચંદ્રયશ વિ.મ.સા.

સંયમયોગૈરાત્મા, નિરંતરવ્યાપૃતઃ કાર્યઃ.
પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજની આ પંક્તિનો જીવંત
અનુવાદ એટલે પૂ. તપસ્વી મહારાજ...
સવારથી સાંજ/રાત્રિ, મધ્યરાત્રિથી સવાર...
અને વચલા ઉંઘના કલાકોમાં પણ અનાયાસે
ચાલતાં સૂત્રો કે નવકાર કે શંખેશ્વર પાર્શ્વનાથનું રટણ...
માત્ર શુભયોગોમાં સતત રમતું વ્યક્તિત્વ...
કાં નવકારવાળી, કાં વૈયાવચ્ચ, કાં વંદના,
કાં ફોટા સામે ચાલતી આરાધના,
કાં કાઉસ્સગ્ગની ક્ષણોમાં સ્થિર શરીર.
બીજે દિવસે તેઓ કહેતાં, ફરિયાદ કરતાં કરતાં...
ગઈકાલે હજી
થોડી આરાધના રહી ગઈ...
થોડી નવકારવાળી બાકી છે...
આરાધનામાં કલાકો ઓછાં પડે
એવાં આયખાનાં સ્વામિ પૂજ્યશ્રી હતાં.
તેમની સ્મૃતિમાં પ્રકાશિત
આ સ્વાધ્યાય સૌને
આવા આયખાનું અજવાળું આપે...

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ નં. |
|---|---|
| ૧. સમતાશતક | ૦૨ |
| ૨. સમાધિશતક | ૩૮ |
| ૩. ગુરુબહુમાનકુલક | ૮૬ |
| ૪. હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા | ૯૬ |

# સમતાશતક

સમતા ગંગા મગનતા, ઉદાસીનતા જાત;
ચિદાનંદ જયવંત હો, કેવલભાનુ પ્રભાત. ૧

સકલ કલામેં સાર લય, રહો દૂર થિતિ એહ;
અકલ યોગમેં ભી સકલ, લય દે બ્રહ્મ વિદેહ. ૨

ચિદાનંદ વિધુકી કલા, અમૃતબીજ અનપાય;
જાને કેવલ અનુભવી, કિનહી કહી ન જાય. ૩

તો ભી આશ્રવ તાપકે, ઉપશમ કરન નિદાન;
બરસત હું તાકે વચન, અમૃતબિંદુ અનુમાન. ૪

ઉદાસીનતા પરિનયન, જ્ઞાન ધ્યાન રંગરોલ;
અષ્ટ અંગ મુનિ ! યોગકો,એહી અમૃત નિચોલ. ૫

સમતારૂપી ગંગામાં મગ્ન રહેવાપણારૂપી ઉદાસીનતાથી ઉત્પન્ન થયેલ આત્મિક આનંદ, કે જે કેવલજ્ઞાનરૂપી સૂર્યના ઉદય પૂર્વેના પ્રભાત જેવો છે; તે જયવંત વર્તો.

સઘળીય કલાઓમાં જો કોઈ સાર હોય તો તે લય છે. એ વાત તો બાજુએ રાખો પણ અકલ (નિષ્કલ) યોગમાં પણ તે સંપૂર્ણ લય બ્રહ્મજ્ઞાન આપે છે, કે જે આત્માને વિદેહ-દેહમુક્ત કરનાર છે.

આત્મિક આનંદરૂપી ચન્દ્રમાની કલા એ અમૃતનું (મોક્ષનું) બીજ છે, તે કલા કદી નાશ પામતી નથી અને તે કલાનો જે આનંદ છે તે તો કેવલ અનુભવી જ જાણે છે. તે કોઈની આગળ કહી બતાવાતો નથી.

તો પણ આશ્રવના તાપનું ઉપશમન કરવામાં કારણભૂત અમૃતનાં છાંટણાં સમા (અનુભવનાં) વચનોને હું વર્ષાવું છું.

હે મુનિ ! ઉદાસીનભાવની આત્મામાં પરિણતિ અને જ્ઞાનધ્યાનમાં એકતાનતા આ બે વસ્તુ અષ્ટ અંગવાળા યોગનો અમૃતભૂત નિચોડ છે.

અનાસંગમતિ વિષયમેં રાગદ્વેષકો છેદ;
સહજભાવમેં લીનતા, ઉદાસીનતા ભેદ. ૬

તાકો કારન અમમતા, તામેં મન વિસરામ;
કરે સાધુ આનંદઘન, હોવત આતમરામ. ૭

મમતા થિર સુખ શાકિની, નિર્મમતા સુખ મૂલ;
મમતા શિવ પ્રતિકૂલ હૈ, નિર્મમતા અનુકૂલ. ૮

મમતા વિષ મૂર્ચ્છિત ભયે, અંતરંગ ગુણ વૃંદ;
જાગે ભાવ વિરાગતા, લગત અમૃત કે બુંદ. ૯

પરિણતિ વિષય-વિરાગતા, ભવતરુ મૂલકુઠાર;
તા આગે ક્યું કરિ રહે, મમતા વેલિ પ્રચાર. ૧૦

વિષયોમાં અનાસક્ત બુદ્ધિ, રાગદ્વેષનો નાશ અને સહજ સ્વભાવમાં-આત્મભાવમાં લીનપણું આ ઉદાસીનતાના ભેદ છે.

તે ઉદાસીનતા લાવવામાં કારણભૂત નિર્મમપણું છે. તેમાં, આનંદઘન (આનંદમાં મસ્ત) મુનિ પોતાના મનની વિશ્રાન્તિ કરે છે. જેથી આત્મામાં રમણ કરતો થાય છે.

મમતા એ સ્થિર-શાશ્વત સુખનો નાશ કરવા માટે શાકિની સરખી છે. જ્યારે નિર્મમતા એ (શાશ્વત) સુખનું મૂલ છે. મમતા તે મોક્ષમાર્ગથી પ્રતિકૂલ છે, જ્યારે નિર્મમતા મોક્ષને અનુકૂળ છે.

આંતરિક ગુણોનો સમૂહ, મમતા રૂપી વિષથી મૂર્ચ્છિત થઈ જાય છે, પણ જ્યારે વિરાગભાવ રૂપ અમૃતનાં બિંદુઓ તેના ઉપર પડે છે, ત્યારે તે આંતરિક ગુણોનો સમૂહ પાછો જાગી ઉઠે છે.

વિષયોના વિરાગની આત્મામાં પરિણતિ તે સંસારરૂપી વૃક્ષનાં મૂલને છેદવામાં કુહાડા સમાન છે, તે કુહાડાની આગળ (કે જ્યાં મોટાં મોટાં વૃક્ષો ઊખડી જાય ત્યાં) મમતારૂપી વેલડીનો ફેલાવો કેવી રીતે રહી શકે ?

હહા ! મોહકી વાસના, બુધકું ભી પ્રતિકૂલ;
યા કેવલ શ્રુતઅંધતા, અહંકાર કો મૂલ. ૧૧

મોહ તિમિર મનમેં જગે, યાકે ઉદય અછેહ;
અંધકાર પરિણામ હે, શ્રુતકે નામેં તેહ. ૧૨
કરે મૂઢમતિ પુરુષકું, શ્રુત ભી મદ ભય રોષ;
જ્યું રોગીકું ખીર ઘૃત, સંનિપાતકો પોષ. ૧૩

ટાલે દાહ તૃષા હરે, ગાલે મમતા પંક;
લહરી ભાવ વિરાગકી, તાકું ભજો નિઃશંક. ૧૪

રાગભુજંગમ વિષહરન, ધારો મંત્ર વિવેક;
ભવવન મૂલ ઉચ્છેદકું, વિલસે યાકી ટેક. ૧૫

રવિ દૂજો તીજો નયન, અંતર ભાવ પ્રકાશ;
કરો ધંધ સવિ પરિહરી, એક વિવેક અભ્યાસ. ૧૬

ખેદની વાત છે, કે મોહની વાસના પંડિતજનને પણ પ્રતિકૂળ માર્ગે લઈ જાય છે. મોહના યોગે જ્ઞાન પણ તેમને અંધ કરે છે. અને અહંકાર વધારનારૂં થાય છે.

જે જ્ઞાનનો ઉદય થતાં મનમાં મોહરૂપી અંધકાર જાગે તે શ્રુત નથી પણ શ્રુતના નામે અંધકારનો પરિણામ છે.

જેમ રોગી માણસને ખીર અને ઘી સંનિપાત વધારવા માટે થાય છે, તેમ મૂઢ બુદ્ધિવાળા પુરુષને શ્રુત (જ્ઞાન) પણ મદ, ભય અને રોષની વૃદ્ધિ કરનારું થાય છે.

વિરાગ ભાવ રૂપી જલની લહેર ક્રોધ રૂપી દાહને ટાળે છે, વિષયરૂપી તૃષાને દૂર કરે છે અને મમતારૂપી કાદવને સાફ કરે છે. તેથી શંકારહિતપણે તેનું સેવન કરો.

રાગરૂપી સર્પનું વિષ દૂર કરવા માટે વિવેકરૂપી મંત્રને મનમાં ધારણ કરો. એ વિવેક સંસારરૂપી વનનું મૂલ છેદી નાખવા માટે સમર્થ છે.

આંતરિક ભાવોને પ્રકાશિત કરનાર બીજા સૂર્ય જેવો અને ત્રીજા નેત્ર જેવો એક વિવેક જ છે, માટે બધી જ પ્રવૃત્તિઓનો ત્યાગ કરી, એક વિવેકને મેળવવાનો જ અભ્યાસ કરો.

પ્રશમ પુષ્કરાવર્તકે, બરસત હરષ વિશાલ;
દ્વેષ હુતાશ બુઝાઈએ, ચિંતા-જાલ જટાલ. ૧૭

કિનકે વશ ભવવાસના, હોવે વેશ્યા ધૂત;
મુનિ ભી જિનકે વશ ભયે, હાવ ભાવ અવધૂત. ૧૮

જબલું ભવકી વાસના, જાગે મોહ નિદાન;
તબલું રુચે ન લોકકું, નિરમમ ભાવ પ્રધાન. ૧૯

વિષમ તાપ ભવવાસના, ત્રિવિધ દોષકો જોર;
પ્રગટે યાકી પ્રબલતા, ક્વાથ કષાયેં ઘોર. ૨૦

તાતેં દુષ્ટ કષાય કે, છેદ હેત નિજ ચિત્ત;
ધરો એહ શુભવાસના, સહજ ભાવમેં મિત્ત. ૨૧
સિદ્ધ ઔષધિ ઈક ક્ષમા, તાકો કરો પ્રયોગ;
જ્યું મિટિ જાયે મોહ ઘર, વિષમ ક્રોધ જ્વર રોગ. ૨૨

ચેતન કો કોમલ લલિત, ચિદાનંદમય દેહ;
સૂક ભૂક જુર જાત હે, ક્રોધ લૂકર્તિ તેહ. ૨૩

ચિન્તાઓરૂપી જ્વાળાઓથી વ્યાપ્ત એવા દ્વેષરૂપી અગ્નિને પ્રશમરૂપી પુષ્કરાવર્તમેઘની વૃષ્ટિથી વિશાલ હર્ષપૂર્વક બુઝાવવો જોઈએ.

અવધૂત એવા મુનિઓ પણ જેના હાવભાવથી વશ થઈ જાય છે, એવી ધૂર્ત વેશ્યા જેવી સંસારની વાસના કોને વશ થાય ?

જ્યાં સુધી મોહના કારણભૂત સંસારની વાસના હોય ત્યાં સુધી શ્રેષ્ઠ એવો નિર્મમભાવ/મમતાના ત્યાગરૂપી ભાવ લોકને રુચતો નથી.

સંસારની વાસના તે વિષમજ્વર જેવી છે જેમાં રાગ, દ્વેષ અને મોહરૂપ ત્રિદોષનું જોર હોય છે અને તેમાં ભયંકર કષાયોનો ક્વાથ ભળતાં તે વાસના પ્રબળ બને છે.

હે મિત્ર ! તેથી તે દુષ્ટ કષાયોનો છેદ કરવા માટે પોતાના ચિત્તમાં આ શુભવાસના સહજ ભાવે ધારણ કરો.

આ માટે સિદ્ધ ઔષધિ એક ક્ષમા જ છે. તેનો તમે પ્રયોગ કરો, જેથી મોહના ઘર જેવો વિષમ ક્રોધ જ્વર રોગ મટી જાય.

આ આત્માનો કોમલ, સુંદર અને ચિદાનંદરૂપ દેહ ક્રોધને લીધે શુષ્ક, ભૂખ્યો અને જર્જરિત થઈ જાય છે.

ક્ષમાસાર ચંદન રસે, સીંચો ચિત્ત પવિત્ત;
દયાવેલ મંડપ તલે, રહો લહો સુખ મિત્ત. ૨૪

યાકો ભાજે શમ વધૂ, ક્ષમા સહજમેં જોર;
ક્રોધ જોધ કિઉં કરિ કરે, સો અપનો બલ સોર. ૨૫

દેત ખેદ વરજિત ક્ષમા, ખેદ રહિત સુખરાજ;
ઈનમેં નહિં સંદેહ કછુ, કારન સરિખો કાજ. ૨૬

પર્વત ગર્વ શિખરે ચડ્યો, ગુરુકું ભી લઘુ રૂપ;
કહિ તિહાં અચરજ કિશ્યો ? કથન જ્ઞાન અનુરૂપ. ૨૭

આઠ શિખર ગિરિરાજ કે, ઠામેં વિમલાલોક;
તો પ્રકાશ સુખ કયું લહે ? વિષમ માનવશ લોક. ૨૮

માન મહીધર છેદ તું, કર(રિ) મૃદુતા પવિઘાત;
જ્યું સુખ મારગ સરલતા, હોવે ચિત્ત વિખ્યાત. ૨૯

હે મિત્રો ! દયારૂપી વેલડીના મંડપ તળે રહીને ક્ષમારૂપી શ્રેષ્ઠ ચંદનના રસથી પવિત્ર ચિત્તને સિંચન કરો અને સુખને પામો.

શમરૂપી પતિની પત્ની ક્ષમારૂપી સ્ત્રી, જેને સહજમાં જોરપૂર્વક પછાડી નાખે છે, તે ક્રોધરૂપી યોદ્ધો પોતાના બલની જાહેરાત શું જોઈને કરતો હશે ?

ક્ષમા ખેદ વિનાની છે (એટલે કે તેને ધારણ કરવામાં કશું કષ્ટ નથી પડતું) તેથી તે ખેદ વિનાના સુખને ઉત્પન્ન કરે છે એ વાતમાં કશો જ સંદેહ નથી. કારણ કે, કારણને અનુસાર કાર્ય થતું હોય છે.

ગર્વરૂપી પર્વતના શિખર પર ચઢેલો પ્રાણી ગુરુઓને પણ લઘુ સ્વરૂપે કહે (ગણાવે) તેમાં શું અચરજ છે ? કારણ કે - કથન જ્ઞાનને અનુરૂપ હોય છે.

માનરૂપી ગિરિરાજના આઠ શિખર જ્ઞાનના નિર્મળ પ્રકાશને રોકે છે. તેથી વિષમ એવા માનને વશ એવો લોક, પ્રકાશનું સુખ કેવી રીતે પામે? અર્થાત્ ન પામે.

નમ્રતારૂપી વજ્રનો ઘાત કરી તું માનરૂપી મહીધરને છેદી નાખ, જેથી સરલતારૂપી સુખનો માર્ગ તારા ચિત્તમાં પ્રતિષ્ઠા પામે-સ્થિર થાય.

મૃદુતા કોમલ કમલથેં, વજ્રસાર અહંકાર;
છેદત હે ઈક પલકમેં, અચરજ એહ અપાર. ૩૦

વિકસિત માયા વેલિ ઘર, ભવ અટવી કે બીચ;
સોવત હે નિત મૂઢ નર, નયન જ્ઞાન કે મીચ. ૩૧

કોમલતા બાહિર ધરત, કરત વક્રગતિ ચાર;
માયા સાપિણી જગ ડસે, ગ્રસે સકલ ગુણસાર. ૩૨

તાકે નિગ્રહ કરનકું, કરો જ્યું ચિત્ત વિચાર;
સમરો ઋજુતા જાંગુલી, પાઠસિદ્ધ નિરધાર. ૩૩

લોભ મહાતરુ સિર ચઢી, બઢી જ્યું તૃષ્ણા વેલિ;
ખેદ કુસુમ વિકસિત ભઈ, ફલે દુઃખ ઋતુ મેલિ. ૩૪

લોભ મેઘ ઉન્નત ભયે, પાપ પંક બહુ હોત;
ધરમ હંસ રતિ નહુ લહે, રહે ન જ્ઞાન ઉદ્યોત. ૩૫

નમ્રતા કમલથી ય કોમલ છે અને અહંકાર વજ્ર જેવો કઠિન છે. છતાંય, તે નમ્રતા એક પલકારામાં અહંકારને છેદી નાખે છે. આ મહા આશ્ચર્ય છે.

સંસાર રૂપી અટવીના મધ્યભાગમાં વિકાસ પામેલ માયારૂપી વેલડીનું ઘર છે. ખરેખર જે મૂઢ માણસ છે તે જ ત્યાં પોતાના જ્ઞાનરૂપી નેત્રોને મીચીંને હંમેશા સૂઈ જાય છે.

બહારથી કોમલતાને ધારણ કરતી, અને વક્રગતિને આચરતી માયારૂપી નાગણ જગતને ડસે છે અને તેમના સકલ ગુણોના સારને ગ્રસે છે.

તે નાગણનો નિગ્રહ કરવા માટે જો ચિત્તમાં વિચાર કરતા હોય તો પાઠ કરવા માત્રથી નિઃશંક રીતે સિદ્ધ થનારી તે ઋજુતારૂપી જાંગુલીવિદ્યાનું સ્મરણ કરો.

લોભરૂપી મહાન્ વૃક્ષના મસ્તક પર ચઢી તૃષ્ણારૂપી વેલડી વૃદ્ધિ પામે છે. તે ખેદરૂપી પુષ્પોથી વિકસિત થાય છે અને ઋતુઓને મૂકીને દુઃખોરૂપી ફળોને તે સદાકાલ - બારેમાસ આપે છે.

લોભરૂપી મેઘ ઉત્પન્ન થતાં પાપરૂપી કીચડ ઘણો થાય છે. ધર્મરૂપી હંસ આનંદ પામતો નથી અને જ્ઞાનનો પ્રકાશ પણ રહેતો નથી.

આગર સબહી દોષકો, ગુન ધનકો બડ ચોર;
વ્યસન વેલિકો કંદ હૈ, લોભ પાશ ચિહું ઓર. ૩૬

કોઉ સ્વયંભૂરમનકો, જે નર પાવે પાર;
સો ભી લોભસમુદ્રકો, લહે ન મધ્યપ્રચાર. ૩૭

મનસંતોષ અગસ્તિકું, તાકે શોષ નિમિત્ત;
નિતુ સેવો જિનિ સો કિયો, નિજ જલ અંજલિ મિત્ત.૩૮

યા લાલચમેં તું ફિરે, ચિત્ત ! તું ડમડોલ;
તા લાલચ મિટિ જાત ઘટ, પ્રકટે સુખ રંગરોલ. ૩૯

ધન માનત ગિરિમૃત્તિકા, ફિરત મૂઢ દુર્ધ્યાન;
અખય ખજાનો જ્ઞાનકો, લખે ન સુખ નિદાન. ૪૦

હોત ન વિજય કષાયકો, બિન ઈન્દ્રિય વશ કીન;
તાતેં ઈંદ્રિય વશ કરે, સાધુ સહજ ગુણલીન. ૪૧

લોભ બધા જ દોષોની ખાણ છે, ગુણરૂપી ધનનો મોટો ચોર છે, અને કષ્ટોરૂપી વેલડીનો કંદ છે. આ લોભનો પાશ-ફાંસો ચારે તરફ ફેલાયેલ છે.

જે કોઈ મનુષ્ય સ્વયંભૂરમણસમુદ્રનો પાર પામે છે. તે પણ લોભરૂપી સમુદ્રના મધ્યભાગને પ્રાપ્ત કરી શકતો નથી.

હે મિત્ર ! તેના - તે લોભસમુદ્રના શોષણ માટે જેણે સમુદ્રને પોતાના હાથની અંજલિ માત્ર કર્યો છે એવા મન સંતોષરૂપી અગસ્તિને નિત્ય સેવો.

હે ચિત્ત ! જેની લાલચે તું આમતેમ ડામાડોલ થઈને ફરે છે તે લાલચ (અંતરમાંથી) મટી જતાં-નષ્ટ થતાં અંતરમાં રંગરોલ સુખ પ્રગટે છે.

મૂઢ પુરુષ પહાડની માટીને ધન માનીને દુર્ધ્યાનમાં ફર્યા કરે છે પણ જે સુખનું કારણ છે તે જ્ઞાનનો અક્ષય ખજાનો (જે પોતાની પાસે છે) તેને તે ઓળખતો નથી.

ઈન્દ્રિયોને વશ કર્યા વિના કષાયોનો વિજય થતો નથી તેથી સહજ ગુણોમાં લીન બનેલા સાધુપુરુષે ઈન્દ્રિયોને વશ કરવી જોઈએ.

આપ કાજ પરસુખ હરે, ધરે ન કોસું પ્રીતિ;
ઈન્દ્રિય દુર્જન પરિ દહે, વહે ન ધર્મ ન નીતિ. ૪૨

અથવા દુર્જન થૈં બુરે, ઈહ પરભવ દુઃખકાર;
ઈન્દ્રિય દુર્જન દેતુ હૈ, ઈહ ભવ દુઃખ ઈકવાર. ૪૩

નયન ફરસ જનુ તનુ લગેં, દહે દ્રષ્ટિવિષ સાપ;
તિનસું ભી પાપી વિષે, સુમરે કરે સંતાપ. ૪૪

ઈચ્છાચારી વિષયમેં, ફિરતેં ઈન્દ્રિય ગ્રામ;
વશ કીજૈ પગમેં ધરી, યંત્ર જ્ઞાન પરિણામ. ૪૫

ઉન્મારગગામી અવશ, ઈન્દ્રિય ચપલ તુરંગ;
ખેંચી નરક અરણ્યમેં, લેઈ જાઈ નિજ સંગ. ૪૬

જે નજીક હૈ શ્રમરહિત, આપહી (હિ) મેં સુખરાજ;
બાધત હૈ તાકું કરન, આપ અરથ કે કાજ. ૪૭

પોતાના સ્વાર્થમાટે પારકાનું સુખ હરનાર અને કોઈથી પણ પ્રેમ ન રાખનાર એવી ઈન્દ્રિયો દુર્જનની માફક પ્રાણીઓને બાળે છે અને ધર્મ કે નીતિને ધારણ કરતી જ નથી.

અથવા તો ઈન્દ્રિયો દુર્જનોથી પણ ખરાબ છે, કારણ કે - તે આ ભવ અને પરભવમાં દુઃખ આપે છે; જ્યારે દુર્જનો તો આ ભવમાં એક જ વાર દુઃખ આપે છે.

પોતાનાં નેત્રોનો/દૃષ્ટિનો સ્પર્શ પ્રાણીના શરીરને લાગે ત્યારે જ દૃષ્ટિવિષ સર્પ તેને બાળે છે; જ્યારે તેનાથી પણ પાપી એવા વિષયો સ્મરણ કરવા માત્રથી સંતાપ કરાવે છે. - બાળે છે.

વિષયોમાં પોતાની ઈચ્છા પ્રમાણે ફરતા ઈન્દ્રિયોના સમૂહને જ્ઞાન પરિણામરૂપી બેડી તેના પગમાં જકડાવીને ઈંદ્રિયસમૂહને વશ કરવો જોઈએ.

ઉન્માર્ગે ચાલનારા અને કાબૂમાં ન રહેનારા ઈન્દ્રિયોરૂપી ચપલ અશ્વો પ્રાણીને ખેંચીને પોતાના સંગથી નરકરૂપી અરણ્યમાં - જંગલમાં લઈ જાય છે.

જે સુખ નજીક છે, જેને મેળવવામાં કશો શ્રમ નથી પડતો, જે સુખ પોતાના આત્મામાં જ રહે છે, તે સુખને કેવળ પોતાના સ્વાર્થ માટે ઈન્દ્રિયો રોકે છે.

અંતરંગ રિપુ કટક ભટ, સેનાની બલવંત;
ઈન્દ્રિય ખિનમેં હરત હૈ, શ્રુતબલ અતુલ અનંત. ૪૮

અનિયત ચંચલ કરણ હય, પદ પ્રવાહ રજપૂર;
આશાઇછાદક કરતુ હૈ, તત્ત્વદૃષ્ટિ બલ દૂર. ૪૯

પંચ બાણ ઈન્દ્રિય કરી, કામ સુભટ જગ જીતિ;
સબકે સિર પદ દેતુ હે, ગણે ન કોસું ભીતિ. ૫૦

વીર પંચ ઈન્દ્રિય લહી, કામ નૃપતિ બલવંત;
કરે ન સંખ્યા પૂરણી સુભટ સેણીકો તંત. ૫૧

દુઃખ સબહિ સુખ વિષયકો, કર્મ વ્યાધિ પ્રતિકાર;
તાકું મન્મથ સુખ કહે, ધૂર્ત જગત દુઃખકાર. ૫૨

ઠગે કામકે સુખ ગિનેં, પાઈ વિષયકી ભીખ;
સહજ રાજ પાવત નહીં, લગી ન સદ્ગુરુ સીખ. ૫૩

અંતરંગ દુશ્મનોના સૈન્યમાં બલવાન એવો ઈન્દ્રિયરૂપી સેનાપતિ ક્ષણવારમાં અતુલ અને અનંત એવા પણ શ્રુતના સૈન્યને ભગાડી મૂકે છે.

કાબૂમાં નહીં રહેનારા, ચપલ, ઈન્દ્રિયોરૂપી અશ્વોનાં પગલાં પડવાથી ઊડેલ રજનો સમૂહ કે જે દિશાઓને ઢાંકી દે છે, તે બલપૂર્વક તત્ત્વદૃષ્ટિને દૂર કરે છે.

કામસુભટ પાંચ ઈન્દ્રિયોને પાંચ બાણ બનાવીને જગતને જીતી લઈ સર્વના મસ્તક પર પગ મૂકે છે અને કોઈથી ભય રાખતો નથી.

બલવંત એવો કામનૃપતિ પાંચ ઈન્દ્રિયોરૂપી વીરોને મેળવ્યા પછી બીજા સુભટોની શ્રેણીની પરંપરાવડે સંખ્યા પૂરવણી કરતો નથી.

વિષયનાં સર્વ સુખો તે દુઃખ છે, કર્મરૂપી વ્યાધિના પ્રતિકાર સમાન છે, તેને કામદેવ સુખ તરીકે મનાવે છે, ખરેખર! આ કામદેવ જગતને દુઃખ આપનાર મહાધૂર્ત છે.

વિષયોની ભીખ પ્રાપ્ત કરીને તેને સુખ મનાવતો કામ લોકોને ઠગે છે, છતાં મૂર્ખ મનુષ્યો પોતાના આંતરિક રાજ્યને પ્રાપ્ત કરતા નથી અને તેમને સદ્‌ગુરુની શિખામણ પણ લાગતી નથી.

અપ્રમાદ પવિ દંડથેં, કરી મોહ ચકચૂર;
જ્ઞાની આતમપદ લહેં, ચિદાનંદ ભરપૂર. ૫૪

યાકે રાજ વિચારમેં, અબલા એક પ્રધાન;
સો ચાહત હે જ્ઞાનજય, કૈસે કામ અયાન. ૫૫

ઔર ભ્રાન્તિ મિટિ જાત હે, પ્રગટત જ્ઞાન ઉદ્યોત;
જ્ઞાનીકું ભિ વિષયભ્રમ, દિસા મોહ સમ હોત. ૫૬

દાખે આપ વિલાસ કરિ, જૂઠેકું ભી સાચ;
ઈન્દ્રજાલ પરેં કામિની, તાસું તૂં મત રાચ. ૫૭
હસિત ફૂલ પલ્લવ અધર, કુચ ફલ કઠિન વિશાલ;
પ્રિયા દેખી મતિ રાચ તૂં, યા વિષવેલિ રસાલ. ૫૮

ચર્મ મઢિત હે કામિની, ભાજન મૂત્ર પુરીષ;
કામ કીટ આકુલ સદા, પરિહર સુનિ ગુરુ સીખ. ૫૯

જ્ઞાની પુરુષ અપ્રમાદરૂપી વજ્રદંડથી મોહને ચકચૂર કરી જ્ઞાન અને આનંદથી ભરપૂર એવા આત્મપદને (મોક્ષને) પ્રાપ્ત કરે છે.

જેને પોતાના રાજ્યની વિચારણામાં સ્ત્રી જ માત્ર પ્રધાન છે તે અજ્ઞાની એવો કામદેવ, કેવી રીતે જ્ઞાન ઉપર જય મેળવવા ઈચ્છતો હશે ?

(વટેમાર્ગુને) દિશાનો ભ્રમ થાય ત્યારે જેમ ઊલટી દિશા સાચી લાગે છે, તે પ્રમાણે જ જ્ઞાનીને વિષયનો ભ્રમ થતાં થાય છે; પરંતુ જ્યારે જ્ઞાનનો પ્રકાશ પ્રગટે છે ત્યારે પરભાવની ભ્રાંતિનું નિવારણ થાય છે.

ઈન્દ્રજાલની માફક પોતાના વિલાસોથી જે જૂઠાને પણ સાચું કરી બતાવે છે તે કામિનીમાં તું રાચ નહિ.

સ્ત્રીનું હાસ્ય તે ફૂલ છે, તેના અધર તે પાંદડા છે, તેના વિશાલ અને કઠણ સ્તનો તે ફળ છે; એમ માનીને, સ્ત્રીને દેખીને તું તેમાં આનંદ ન માન, કારણ કે - આ રસવાળી વિષની વેલડી છે.

સ્ત્રીનું શરીર એ ચામડાથી મઢેલું મૂત્ર અને વિષ્ટાનું ભાજન છે અને તે કામરૂપી કીડાથી સદા ભરેલું છે. ગુરુની શિખામણ સાંભળી તું તેનો પરિહાર કર.

વિષય તજે સો સબ તજે, પાતક દોષ વિતાન;
જલધિ તરત નવિ ક્યું તરે, તટિની ગંગ સમાન. ૬૦

ચાટે નિજ લાલા મિલિત, શુષ્ક હાડ જ્યું શ્વાન;
તેસે રાચે વિષયમેં, જડ નિજ રુચિ અનુમાન. ૬૧

ભૂષન બહૂત બનાવતેં, ચંદન ચરચત દેહ;
વંચન આપ હી આપકું, જડ ધરિ પુદ્ગલનેહ. ૬૨

દુર્દમ મનકે જય કિયે, ઈન્દ્રિય જય સુખ હોત;
તાતેં મનજય કરનકું, કરો વિચાર ઉદ્યોત. ૬૩

વિષયગ્રામકી સીમમેં ઈચ્છાચારિ ચરંત;
જિનઆણા અંકુશ ધરી, મન ગજ વશ કરો સંત. ૬૪

એક ભાવ મન પૌનકો, જૂઠ કહે ગ્રંથકાર;
યાતેં પવન હિ તેં અધિક, હોત ચિત્તકો ચાર. ૬૫

પાપો અને દોષોનો વિસ્તાર કરનારા વિષયોને જે ત્યજે છે, તે બધું જ ત્યજી શકે છે. જે માણસ સમુદ્રને તરી જાય તે ગંગા જેવી નદીઓને કેમ ન તરે ?

જેમ શ્વાન પોતાની લાળથી વ્યાપ્ત શુષ્ક હાડકાને ચાટે છે અને તેમાં રાચે છે; તેમ જડ પ્રાણી પોતાની રુચિના અનુમાનથી વિષયોમાં રાચે છે.

જડ પ્રાણીઓ પુદ્‌ગલપર - શરીરપર સ્નેહ ધારણ કરીને ઘણાં ઘણાં આભૂષણો બનાવે છે, ચંદનથી દેહને સજાવે છે અને તેમ કરી પોતાની જાતે જ પોતાને ઠગે છે.

પ્રથમ દુર્દમ એવા મનનો જય કરવાથી જ ઈન્દ્રિયોનો જય સુખે કરી શકાય છે, માટે મનનો જય કરવા વિચારોનો ઉદ્યોત કરો / સુંદર વિચાર કરો. ૬૩

હે સંતો! વિષયોરૂપી ગામના સીમાડામાં ઈચ્છાનુસારે ફરતા મનરૂપી હાથીને શ્રીજિનની આજ્ઞારૂપી અંકુશથી વશ કરો.

મન અને પવનનું સમાનપણું છે, એવું ગ્રંથકારો દ્વારા જે કહેવામાં આવે છે, તે વિચાર કરતાં બરાબર જણાતું નથી. કારણ કે યુક્તિથી જોતાં મનની ગતિ પવનથી પણ વધારે છે.

જામેં રાચે તાહિમેં વિરચૈ (તે) કરિ ચિત્ત ચાર;
ઈષ્ટ અનિષ્ટ ન વિષયકો, યું નિશ્ચય નિરધાર. ૬૬

કેવલ તામેં કર્મકો, રાગ દ્વેષ તે બંધ;
પરમેં નિજ અભિમાન ધરિ, ક્યા ફિરત હો અંધ ! ૬૭

જેસે લલના લલિતમેં ભાવ ધરતુ (ત) હૈ સાર;
તેસે મૈત્રી પ્રમુખમેં, ચિત્ત ધરિ કરિ સુવિચાર. ૬૮

બાહિર બહુરિ કહાં ફિરે, આપહિમેં હિત દેખ;
મૃગતૃષ્ણાસમ વિષયકો, સુખ સબ જાનિ ઉવેખ.૬૯

પ્રિય અપ્રિય વ્યવહાર નિજ, રુચિ રસ સાચો નાંહિ;
અંગજ વલ્લભ સુત ભયો, યૂકાદિક નહિ કાંહિ. ૭૦

હોવત સુખ નૃપ રંકકું, નોબત સુનત સમાન;
ઈક ભોગે ઈક નાહિ સો, બઢ્યો ચિત્ત અભિમાન. ૭૧

જેમાં મન રાચે છે તેમાં જ મન વિરક્ત થાય છે. તેથી વિષયો ઈષ્ટ કે અનિષ્ટ નથી પરંતુ ચિત્તની ભાવના ઈષ્ટ અનિષ્ટ છે. એ તું નિશ્ચયપૂર્વક માન.

માત્ર તે વિષયોમાં રાગ અને દ્વેષ કરવાથી કર્મનો બંધ થાય છે. માટે હે અંધ ! પર વસ્તુઓમાં 'આ પોતાની છે' એવું અભિમાન ધારણ કરી શા માટે ફરે છે ?

જેમ તું સ્ત્રીઓના વિલાસમાં સુંદર ભાવને ધરે છે; તેમ મૈત્રી વગેરે ભાવનાઓમાં ચિત્તને ધારણ કરી, સારા વિચાર કર.

હે બાવરા ! બહાર શું ફરે છે ? આત્મામાં જ તારું હિત છે, તે જો, વિષયોનાં સઘળાં સુખો મૃગતૃષ્ણા સમાન છે, એમ જાણી તેની ઉપેક્ષા કર.

અમુક વસ્તુ પ્રિય હોવી કે અપ્રિય હોવી એ પોતાની રુચિનો રસ છે, વાસ્તવિકરીતે સાચો નથી. નહીંતર અંગથી પેદા થયેલો પુત્ર વહાલો લાગે છે પણ જૂ વગેરે કેમ પ્રિય નથી લાગતાં ?

રાજા અને રંકને નોબત સાંભળતાં સરખું જ સુખ થાય છે. પરંતુ એક તે સુખને ભોગવે છે એટલે કે પોતાને તેનો ભોક્તા માને છે, જ્યારે બીજો તેમ નથી માનતો. બન્નેને સુખ થતું હોવા છતાં એકના ચિત્તમાં અભિમાન વધે છે. બીજામાં તેનું અભિમાન નથી.

ભવકો સુખ સંકલ્પભવ, કૃત્રિમ જિસો કપૂર;
રંજત હૈ જન મુગધકું, વર્જિત જ્ઞાન અંકુર. ૭૨

ગુન મમકાર ન વસ્તુકો, સો વાસના નિમિત્ત;
માને સુતમેં સુત અધિક, દોરત હે હિત ચિત્ત. ૭૩

મન કૃત મમતા જૂઠ હે, નહીં વસ્તુ પરજાય;
નહિં તો વસ્તુ બિકાઈ થેં, ક્યું મમતા મિટિ જાય ? ૭૪

જન જનકી રુચિ ભિન્ન હે, ભોજન કૂર કપૂર;
ભોગવંત કું જો રુચે, કરભ કરે સો દૂર. ૭૫

સંસારનાં સુખો મનની માન્યતાથી જ પેદા થાય છે. તે વાસ્તિવક સુખ નથી. જેમ બનાવટી કપૂરથી ભોળા માણસો રાજી થાય છે, તેમ આવાં સંસારનાં સુખોથી, જેમના મનમાં જ્ઞાનના અંકુરા પ્રગટ્યા નથી તેવા મનુષ્યો જ રાજી થાય છે.

વસ્તુમાં મમત્વરૂપી ગુણ જે છે, તે કેવળ વાસનાના નિમિત્તે જ છે, પિતા પોતાના સર્વ પુત્રોમાં સવાયો પુત્ર તેને જ માને છે, કે જે પોતાનું હિત કરનારી પ્રવૃત્તિમાં ચિત્તને દોરે છે.

મમતા કેવળ મનની માની લીધેલી છે અને તે ખોટી છે. તે વસ્તુના યોગે ઉત્પન્ન થયેલી નથી. નહીં તો જ્યારે વસ્તુ વેચી દેવામાં આવે છે, ત્યારે તે મમતા કેમ મટી જાય છે ?

પ્રત્યેક વ્યક્તિની રુચિ જુદી જુદી હોય છે, કૂર અને કપૂરનાં ભોજન કે જે ભાગ્યવાનને રુચે છે, તેને ઊંટ આઘા મૂકે છે - તેને તે ગમતા નથી.

કરભ હસે નૃપ ભોગકું, હસે કરભકું ભૂપ;
ઉદાસીનતા બિનુ નહીં, દોનુકું રતિ રૂપ. ૭૬

પરમેં રાચે પરરુચિ, નિજરુચિ નિજગુણમાંહિ;
ખેલે પ્રભુ આનંદઘન, ધરિ સમતા ગલે બાંહિ. ૭૭

માયામય જગકો કહ્યો, જહાં સબહિ વિસ્તાર;
જ્ઞાનીકું હોવત કહાં, તહાં શોક કો ચાર. ૭૮

સોચત નહિ અનિત્યમતિ, હોવત માલ મલાન;
ભાંડે ભી શોચત ભગે, ધરત નિત્ય અભિમાન. ૭૯

કૂટ વાસના ગઠિત હૈ, આશા તંતુ વિતાન;
છેદે તાકું શુભમતિ, કર ધરિ બોધ કૃપાન. ૮૦

જનની મોહ અંધારકી, માયા રજની કૂર;
જ્ઞાન ભાનુ આલોકતેં, તાકું કીજે દૂર. ૮૧

રાજાના ભોગોને ઊંટ હસે છે અને રાજા ઊંટને હસે છે. ઉદાસીનતા પ્રગટ્યાં વિના તે બંનેને સુખ નથી. જો બંનેને પોતપોતાના ભોગોમાં ઉદાસીનતા પ્રગટે તો બંનેને સુખ થાય.

પરમાં રુચિવાળો આત્મા પરમાં રાચે છે અને નિજ આત્મામાં રુચિવાળો જીવ નિજગુણોમાં-પોતાના ગુણોમાં રાચે છે. આનંદમય એવો આત્મા, સમતારૂપી સ્ત્રીના ગળે હાથ રાખીને સદાકાળ ખેલ્યા કરે છે.

જ્યાં જગતનો સઘળોય વિસ્તાર માયામય કહેવામાં આવ્યો છે ત્યાં જ્ઞાનીને શોકનો પ્રચાર કેવી રીતે થાય ?

જે મનુષ્યો જગતના સર્વ પદાર્થોને અનિત્ય માને છે, તેઓ પોતાનો સઘળો માલ ખલાસ થઈ જાય તો ય શોક કરતા નથી. જ્યારે દરેક વસ્તુમાં નિત્યપણાનું અભિમાન ધરનારા, માટીનું ભાંડ-વાસણ ભાંગી જાય તો ય શોક કરે છે.

આશારૂપી તંતુઓના વિસ્તારથી કૂટવાસના રૂપી જાળ ગૂંથેલી છે. શુદ્ધ બુદ્ધિવાળો પુરુષ હાથમાં જ્ઞાનરૂપી કટારી લઈને તેને છેદી નાખે છે.

ક્રૂર એવી માયારૂપી રાત્રિ કે જે મોહરૂપી અંધકારને ઉત્પન્ન કરનારી છે, તેને જ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશથી દૂર કરવી જોઈએ.

ઉદાસીનતા મગન હુઈ, અધ્યાતમ રસ કૂપ;
દેખે નહિ કછુ ઓર જબ, તબ દેખે નિજ રૂપ. ૮૨

આગે કરી નિઃસંગતા, સમતા સેવત જેહુ;
રમે પરમ આનંદરસ, સત્યયોગમેં તેહુ. ૮૩
દંભજનિત અસંગતા, ઈહભવકે સુખ દેત;
દંભરહિત નિસ્સંગતા, કોન દૂર સુખ હેત. ૮૪
મત હો સંગનિવૃત્તકું, પ્રેમ પરમગતિ પાઈ;
તાકો સમતા રંગ પુનિ. કિનહી કહ્યો ન જાઈ. ૮૫

તિસના વિદ્રુમ વલ્લિઘન, વિષય ઘુમર બહુ જોર;
ભીમ ભયંકર ખેદ જલ, ભવસાયર ચિહું ઓર. ૮૬

ચાહે તાકો પાર તો, સજ કર સમતા નાઉ;
શીલ અંગ દૃઢ પાટિએ, સહસ અઢાર બનાઉ. ૮૭
કૂઆથંભ શુભ યોગ પરિ, બેઠે માલિમ જ્ઞાન;
અધ્યાતમ સઢ બલેં ચલેં, સંયમ પવન પ્રમાણ. ૮૮

અધ્યાત્મરૂપી રસના કૂવા જેવી ઉદાસીનતામાં મગ્ન બનેલ આત્મા, જ્યારે બીજું કંઈપણ ન જુએ ત્યારે પોતાના રૂપને જુએ છે.

નિ:સંગભાવને આગળ કરી જે સમતાને સેવે છે, તે પરમ આનંદના રસસમાન સાચા યોગમાં રમે છે.

દંભપૂર્વકની નિ:સંગતા પણ આ ભવના સુખ આપે છે, તો પછી દંભવિનાની નિ:સંગતા માટે કયું સુખ દૂર છે ?

સંગથી નિવૃત્ત થયેલાને કદાચ સુખદાયક પરમગતિની પ્રાપ્તિ ન થાઓ પણ તેને જે સમતાનો રંગ છે (તે સમતાના રંગનું સુખ છે) તે કોઈથી કહ્યું જાય તેમ નથી.

તૃષ્ણાઓરૂપી પરવાળાંઓની વલ્લિઓ જેમાં ફેલાયેલી છે એવો, વિષયોની ઘૂમરીઓનું જેમાં બહુ જોર છે એવો અને અતિભયંકર ખેદરૂપી જલ જેમાં છે એવો, આ સંસારરૂપી સમુદ્ર ચારે તરફ ફેલાયેલો છે.

જો તે ભવસમુદ્રનો પાર પામવા તું ચાહતો હોય તો જેમાં અઢાર હજાર શીલનાં અંગોરૂપી દઢ પાટિયાં છે, શુભયોગરૂપી કૂવાસ્તંભ છે, જ્યાં જ્ઞાનરૂપી માલમ-સુકાની બેઠો છે અને જે અધ્યાત્મરૂપી સઢના બલથી સંયમરૂપી પવનના યોગે ચાલે છે, તે સમતારૂપી નૌકાને સજ્જ કર.

યોગી જે બહુ તપ કરે, ખાઈ જુરે તરુપાત;
ઉદાસીનતા બિનુ ભસમ, હુતિમેં સોભી જાત. ૮૯

છૂટે ભવકે જાલથેં. જિન હિ તપ કરે લોક;
સો ભી મોહે કાહુકું, દેત જનમકો શોક. ૯૦

વિષય ઉપદ્રવ સબ મિટે, હોવત સુખ સંતોષ;
તાતે વિષયાતીત હે, દેત શાન્તરસ પોષ. ૯૧

બિનુ લાલચ બશ હોત હે, વશા બાત યહ સાચ;
યાતે કરેઈ નિરીહ કે, આગે સમ રતિ નાચ. ૯૨

દે પરિમલ સમતા લતા, વચન અગોચર સાર;
નિત વૈરિ ભી જિહાં વસે, લહિ પ્રેમ મહકાર. ૯૩

સેના રાખસ મોહકી, જીપે સુખે પ્રબુદ્ધ;
બ્રહ્મબાન ઈક લેઈકે, સમતા અંતર શુદ્ધ. ૯૪

કવિ મુખ કલ્પિત અમૃતકે, રસમેં મૂઝત કાંહિ;
ભજો એક સમતાસુધા; રતિ ધરિ શિવપદમાંહિ. ૯૫

યોગીઓ કે જે ઘણા તપ કરે છે, પડી ગયેલા વૃક્ષનાં પત્રોને ખાય છે તેમનો તે તપ પણ ઉદાસીનભાવ વિનાનો હોય તો ભસ્મમાં આહુતિની સમાન છે.

જે તપ કર્યા વિના ભવજાલથી કોઈની મુક્તિ થતી નથી તે તપ પણ મોહથી કોઈકને જન્મ મરણ આદિના શોકનું કારણ થાય છે.

વિષયોના સર્વ ઉપદ્રવો મટી જાય ત્યારે સંતોષનું સુખ પ્રાપ્ત થાય છે તેથી તે સુખ વિષયાતીત છે અને શાન્તરસની પ્રાપ્તિ કરાવનારું છે.

લાલચ ન હોય ત્યારે સ્ત્રી વશ થાય છે, એ વાત સાચી છે. કારણ કે, નિરીહ-નિઃસ્પૃહ પુરુષની આગળ જ સમભાવમાં રતિરૂપી સ્ત્રી નૃત્ય કરે છે.

સમતારૂપી લતા વચનને અગોચર તથા સારભૂત એવી સુગંધી પ્રગટાવે છે કે જેના યોગે નિત્ય વૈરવાળા જીવો પણ પરસ્પર પ્રેમ ધારણ કરીને સાથે વસે છે.

જેનું હૃદય સમતાના યોગે શુદ્ધ થયેલું છે એવો પ્રબુદ્ધ આત્મા, મોહરૂપી રાક્ષસની સેનાને સમતારૂપી એક બ્રહ્મબાણ લઈને સુખપૂર્વક જીતે છે.

કવિના મુખથી કલ્પિત અમૃતના રસમાં શું મૂંઝાવ છો ? શિવપદમાં રતિ ધારણ કરીને એક સમતારૂપી અમૃતને સેવો.

યોગગ્રંથ જલનિધિ મથો, મન કરી મેરુ મથાન;
સમતા અમૃત પાઈકે, હો અનુભવ રસ જાન. ૯૬

ઉદાસીનમતિ પુરુષ જો, સમતાનિધિ શુભવેષ;
છોરત તાકું ક્રોધ કીધું, આપહી કર્મ અશેષ. ૯૭

શુદ્ધ યોગ શ્રદ્ધાન ધરી, નિત્ય કરમકો ત્યાગ;
પ્રથમ કરે જો મૂઢ સો, ઉભય ભ્રષ્ટ નિર્ભાગ. ૯૮

ક્રિયા મૂઢ જૂઠી ક્રિયા, કરે ન થાપે જ્ઞાન;
ક્રિયા ભ્રષ્ટ ઈક જ્ઞાન મત, છેદે ક્રિયા અજાન. ૯૯

તે દોનૂ થેં દૂરિ શિવ, જો નિજ બલ અનુસાર;
મારગ રુચિ મારગ રહિ, સો શિવ સાધણહાર. ૧૦૦

નિવૃત્તિ લલનાકું સહજ, અચરજકારી કોઉ;
જો નર યાકું રુચત હે; યાકું દેખે સોઉ. ૧૦૧

મનરૂપી મેરુનો રવૈયો કરી યોગગ્રન્થોરૂપી સમુદ્રનું મંથન કરો, જેથી સમતારૂપી અમૃતને પ્રાપ્ત કરીને અનુભવરૂપી રસનાં જાણકાર બની શકો.

જે પુરુષ ઉદાસીન બુદ્ધિવાળો છે, સમતાનો નિધિ છે, શુભ વેષવાળો છે, તેને સઘળાં કર્મો પોતાની મેળે જ, જાણે કે તેના પર ક્રોધ આવ્યો ન હોય તેમ, છોડી દે છે.

કેવળ યોગ ઉપર જ શુદ્ધ શ્રદ્ધા ધારણ કરી જે નિત્યકર્મોનો ત્યાગ કરે છે, તે યોગ કરનાર (આવશ્યક ક્રિયાઓને છોડીને) મૂઢ છે. અને તે ઉભયભ્રષ્ટ થાય છે.

ક્રિયા પાછળ મૂઢ બનેલો આત્મા ફોગટ ક્રિયા કરે છે. પણ તે જ્ઞાનને આત્મામાં સ્થાપન કરતો નથી. બીજો ક્રિયાભ્રષ્ટ છે, તે જ્ઞાનને જ માને છે અને અજ્ઞાની એવો તે ક્રિયાનો છેદ કરે છે.

આ બંનેય આત્માથી મોક્ષ દૂર છે પણ જે પોતાની શક્તિ અનુસારે માર્ગમાં રુચિ રાખી, શુદ્ધ માર્ગમાં રહે છે તે જ મોક્ષને સાધનારો છે.

નિવૃત્તિરૂપી સ્ત્રીનો સ્વભાવ કોઈ આશ્ચર્યકારી છે. જે મનુષ્ય તેને રુચે છે તે નર જ તેને (શિવને) દેખી શકે છે.

મન પારદ મૂર્ચ્છિત ભયો, સમતા ઔષધિ આઈ;
સહજવેધ રસ પરમગુન, સોવન સિદ્ધિ કમાઈ. ૧૦૨

બહુત ગ્રંથ નય દેખિકે, મહાપુરુષ કૃત સાર;
વિજયસિંહસૂરિ કિઓ, સમતાશતકો હાર, ૧૦૩
ભાવત જાકું તત્ત્વ મન, હો સમતા રસ લીન;
જ્યું પ્રગટે તુજ સહજ સુખ, અનુભવ ગમ્ય અહીન.૧૦૪

કવિ જસવિજય સુશિખ એ, આપ આપકું દેત;
સામ્યશતક ઉદ્ધાર કરી, હેમવિજય મુનિ હેત. ૧૦૫

સમતારૂપી ઔષધિ જ્યારે આવી ત્યારે મનરૂપી પારો મૂર્ચ્છિત થયો અને સહજવેધ - સહસ્રવેધી રસ ઉત્પન્ન થયો. જેના પરિણામે પરમ ગુણોરૂપી સુવર્ણની કમાણી થઈ.

ઘણા ગ્રંથોને જોઈને મહાપુરુષકૃત ગ્રંથોના સારભૂત આ સમતાશતકનો હાર શ્રીવિજયસિંહસૂરિએ કર્યો છે.

જેનું તત્ત્વ મનમાં ભાવતાં સમતારસમાં લીન થાવ. જેથી તમને એવું સ્વાભાવિક સુખ પ્રગટ થાય કે જે માત્ર અનુભવગમ્ય જ હોય અને જેનો કદી નાશ ન થાય.

કવિ જશવિજય આ સુંદર શિખામણ પોતે પોતાને જ આપે છે અને કહે છે કે હેમવિજય નામના મુનિ માટે મેં આ સામ્યશતકનો ઉદ્ધાર કર્યો છે.

# સમાધિશતક

સમરી ભગવતી ભારતી, પ્રણમી જિન જગ બંધુ;
કેવલ આતમ-બોધકો, કરશું સરસ પ્રબંધ. ૧

કેવલ આતમ-બોધ હે, પરમારથ શિવપંથ;
તામેં જિનકું મગનતા, સોઈ ભાવ નિર્ગ્રંથ. ૨

ભોગ જ્ઞાન જ્યું બાલકો, બાહ્ય જ્ઞાનકી દોર;
તરૂણભોગ અનુભવ જિસ્યો, મગનભાવ કછુ ઓર.૩

આતમજ્ઞાને મગન જો, સો સબ પુદ્ગલ ખેલ;
ઈંદ્રજાલ કરિ લેખવે, મિલે ન તિહાં મન-મેલ. ૪

ભગવતી ભારતી-સરસ્વતી માતાનું સ્મરણ કરીને, જગતના બંધુ શ્રી જિનેશ્વર ભગવંતને પ્રણામ કરીને જેનાથી કેવળ આત્મબોધ થાય, તે આત્મબોધનો સરસ પ્રબંધ રચીશું. ૧

ફકત આત્મબોધ જ પરમાર્થથી મોક્ષનો માર્ગ છે, તે આત્મજ્ઞાનમાં જેમની મગ્નતા છે, તે જ ભાવનિર્ગ્રંથ જાણવા. ૨

પુખ્ત વયના પુરુષને જેવું ભોગનું જ્ઞાન હોય તેવું ભોગનું જ્ઞાન જેમ બાળકને હોતું નથી, તેવી જ રીતે જે જીવો બાહ્યજ્ઞાનની દોરમાં જ્યાં ત્યાં ભ્રાંતિથી સુખની બુદ્ધિ ધારણ કરી રહ્યા છે, તેઓને આત્મજ્ઞાનથી થતું સુખ અને તેની મગ્નતાનું ભાન હોતું નથી. અર્થાત્ તેમને અનુભવજ્ઞાન હોતું નથી. આત્મમગ્નભાવ કોઈ જુદો જ છે ! ૩

જે આત્મા આત્મજ્ઞાનમાં મગ્ન છે, તે સર્વ સોનું, રૂપું, આભૂષણ તથા આહાર વગેરે પુદ્ગલના ખેલને ઈંદ્રજાલ સમાન ગણે છે, તે પૌદ્ગલિક પદાર્થોમાં તેના મનનો મેળ મળતો નથી-તેનું મન ચોંટતું નથી. ૪

જ્ઞાન બિના વ્યવહાર કો, કહા બનાવત નાચ ?
રત્ન કહો કોઉ કાચકું, અંત કાચ સો કાચ ૫

રાચે સાચે ધ્યાનમેં, જાચે વિષય ન કોઈ;
નાચે માચે મુગતિરસ, આતમજ્ઞાની સોઈ. ૬

બહિર અંતર પરમ એ, આતમપરિણતિ તીન;
દેહાદિક આતમ-ભરમ, બહિરાતમ બહુ દીન. ૭

ચિત્તદોષ આતમ-ભરમ, અંતર આતમ ખેલ;
અતિનિર્મલ પરમાત્મા, નહિ કર્મ કો ભેલ. ૮

જ્ઞાન વિના ફક્ત એકલા વ્યવહારથી (ક્રિયાકાંડથી) મુક્તિની સાધના કરવી તે નાટક સમાન છે, કોઈ કાચને રત્ન માની ગ્રહણ કરે પણ છેવટે તો કાચ એ કાચ જ છે, તેવી રીતે જ્ઞાન વિના કેવળ બાહ્ય ક્રિયાથી મુક્તિ થતી નથી. ૫

આત્મજ્ઞાનીનું લક્ષણ કહે છે. જે સાચા એવા ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં માચી રહે-મગ્નતા ધારણ કરે, પાંચે ઈંદ્રિયોના વિષયોની યાચના કરે નહિ, ફક્ત મોક્ષના રસમાં લયલીન થઈ-મગ્ન થઈ નાચે-આનંદ પામે તેને જ આત્મજ્ઞાની જાણવો. (૬)

આત્માની પરિણતિ ત્રણ પ્રકારની છે. (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા. તેમાં પ્રથમ દેહ-વાણી-મન આદિમાં જેને આત્મપણાની બુદ્ધિ છે, તે દીન-બિચારો બહિરાત્મા છે. ૭

શરીર વગેરેને આત્મા માનવારૂપ ચિત્તના દોષને જે આત્મભ્રમ માને છે, કાયા વગેરેને સાક્ષીરૂપ માને છે અને જે આત્મામાં રમે છે તે અંતરાત્મા છે. અર્થાત્ જેઓની શરીર વગેરેમાં આત્મપણાની બુદ્ધિ નથી પણ જે શરીરાદિકના સાક્ષીરૂપે વર્તે છે તે અંતરાત્મા છે અને જેઓમાં કર્મ મળેલા નથી - કર્મથી જેઓ રહિત છે અને તેથી જેઓ અત્યંત નિર્મળ છે તે પરમાત્મા છે. ૮

નરદેહાદિક દેખ કે, આતમ-જ્ઞાને હીન;
ઈન્દ્રિય બલ બહિરાતમા, અહંકાર મન લીન. ૯

અલખ નિરંજન અકલ ગતિ, વ્યાપી રહ્યો શરીર;
લખ સુજ્ઞાને આતમા, ખીર લીન જ્યું નીર. ૧૦

અરિ મિત્રાદિક કલ્પના, દેહાતમ અભિમાન;
નિજ પર તનુ સંબંધ મતિ, તાકો હોત નિદાન. ૧૧

દેહાદિક આતમ-ભ્રમેં, કલ્પે નિજ પર ભાવ;
આતમ-જ્ઞાની જગ લહે, કેવલ શુદ્ધ સ્વભાવ. ૧૨

સ્વ-પર વિકલ્પે વાસના, હોત અવિદ્યારૂપ;
તાતેં બહુરી વિકલ્પમય, ભરમ-જાલ અંધકૂપ. ૧૩

મનુષ્યદેહ વગેરે જોઈને બહિરાત્મા પોતાને મનુષ્ય માને છે અને આત્મજ્ઞાનથી હીન પાંચ ઈન્દ્રિયોમાં અને તેના બળમાં આત્મભાવ ધારણ કરી અહંકારથી મનમાં લીન થઈ કર્મગ્રહણ કરે છે. ૯

અલક્ષ્ય (= લક્ષમાં નહિ આવનાર), નિરંજન (= કર્મરૂપી અંજનથી રહિત), અને જેની ગતિ કળી શકાય નહિ એવો આત્મા શરીરમાં અસંખ્યાતપ્રદેશથી વ્યાપી રહ્યો છે, તે જ્ઞાન વડે ઓળખાય છે, દૂધમાં જેમ પાણી મળી ગયું હોય તેમ આત્મા શરીરમાં વ્યાપી રહ્યો છે. ૧૦

દેહને વિષે આત્મબુદ્ધિના અભિમાનથી શત્રુ, મિત્ર વગેરે કલ્પના થાય છે. આ પારકું અને આ પોતાનું એવો અધ્યવસાય પુદ્‌ગલ ભાવમાં ઉત્પન્ન કરવામાં કારણભૂત દેહમાં આત્મબુદ્ધિનું અભિમાન છે. ૧૧

દેહ આદિમાં આત્મબુદ્ધિનો જેને ભ્રમ છે, તેવો પુરુષ 'આ પોતાનું અને આ પારકું છે.' એમ કલ્પે છે, આત્મજ્ઞાની કેવળ આત્મિક શુદ્ધ સ્વભાવને જગતમાં પોતાનો માને છે. ૧૨

સ્વ અને પરના વિકલ્પથી અવિદ્યારૂપ વાસના ઉત્પન્ન થાય છે. તેથી બહુ વિકલ્પ થાય છે અને બહુ વિકલ્પમય ભ્રમજાળરૂપી અંધકૂપમાં ચેતન પડે છે. ૧૩

પુત્રાદિકકી કલ્પના, દેહાતમ-ભ્રમ મૂલ;
તાકું જડ સંપત્તિ કહે, હહા મોહ પ્રતિકૂલ. ૧૪

યા ભ્રમમતિ અબ છાંડિ દો, દેખો અંતરદૃષ્ટિ;
મોહદૃષ્ટિ જો છોડિએ, પ્રગટે નિજગુણસૃષ્ટિ. ૧૫

રૂપાદિકકો દેખવો, કહન કહાવન કૂટ;
ઈન્દ્રિય યોગાદિક બલે, એ સબ લૂંટાલૂંટ. ૧૬

પરપદ આતમ દ્રવ્યકું, કહન સુનન કછું નાંહિ;
ચિદાનંદઘન ખેલ હી, નિજપદ તો નિજમાંહિ.૧૭

ગ્રહણ અયોગ્ય ગ્રહે નહિ, ગ્રહ્યો ન છંડે જેહ;
જાણે સર્વ સ્વભાવ તે, સ્વપર પ્રકાશક તેહ. ૧૮

જેને સ્વ અને પરનું ભેદજ્ઞાન થયું નથી તે પુત્ર વગેરે પ્રત્યક્ષ પોતાથી ભિન્ન દેખાતા ભાવોને કલ્પનાથી પોતાના માને છે, શરીર આદિને પોતાના માનવા એ ભ્રમનું મૂળ છે, જડબુદ્ધિવાળા તેને પોતાની સંપત્તિરૂપે જાણે છે, અહા! આ તે કેવી મોહની પ્રતિકૂળતા છે ? ૧૪

હે ચેતન ! હવે ભ્રાંતિવાળી બુદ્ધિનો ત્યાગ કરી અંતરદૃષ્ટિથી તું આત્માને જો. મોહદૃષ્ટિને છોડી દેવામાં આવે તો પોતાના આત્માના ગુણોની સૃષ્ટિ પ્રગટ થાય છે. ૧૫

રૂપ આદિને જોવું, તેને કહેવું-કહેવરાવવું એ બધું કૂટ-મિથ્યા છે, પાંચ ઈન્દ્રિયો અને મન-વચન-કાયાના યોગથી આત્મા પરભાવમાં રમણ કરવાથી આત્મઋદ્ધિની લૂંટાલૂંટ થાય છે. ૧૬

આત્મદ્રવ્યને પરપદ-અન્યપદ-પૌદ્‌ગલિક પદાર્થ અંગે કાંઈ કહેવાનું કે સાંભળવાનું પ્રયોજન નથી. કારણ કે જ્ઞાન અને આનંદનો ઘન એવો આત્મા તો પોતાના સ્વરૂપમાં રમણ કરે છે. પોતાનું પદ તો પોતામાં જ છે. ૧૭

આત્મજ્ઞાની પુરુષ ગ્રહણ કરવા માટે અયોગ્ય એવી પૌદ્‌ગલિક વસ્તુને ગ્રહે નહિ, અને ગ્રહણ કરવા યોગ્ય શુદ્ધસ્વરૂપને ગ્રહણ કરીને છોડે નહિં, સર્વ પદાર્થને સ્વભાવથી જાણે છે અને તે સ્વ-પર પ્રકાશક નિર્મળ આત્મજ્ઞાની થાય છે. ૧૮

રૂપેકે ભ્રમ સીપમેં, જ્યું જડ કરે પ્રયાસ;
દેહાતમ-ભ્રમતેં ભયો, ત્યું તુજ ફૂટ અભ્યાસ. ૧૯

મિટે રજત ભ્રમ સીપમેં, જન-પ્રવૃત્તિ જિમ નાંહિ;
ન રમે આતમ-ભ્રમ મિટે, ત્યું દેહાદિકમાંહિ. ૨૦

ફિરે અબોધે કંઠગત, ચામીકરકે ન્યાય;
જ્ઞાનપ્રકાશે મુગતિ તુજ, સહજ સિદ્ધ નિરૂપાય.૨૧

યા બિન તું સૂતો સદા, યોગે ભોગે જેણ;
રૂપ અતીન્દ્રિય તુઝ તે, કહી શકે કહો કેણ ? ૨૨

જેમ જડ માણસ છીપમાં રૂપાનો ભ્રમ થવાથી તેને લેવા પ્રયાસ કરે છે, તેમ હે ચેતન ! તને દેહમાં આત્મબુદ્ધિના ભ્રમથી ખોટો અભ્યાસ થયો છે. ૧૯

છીપમાં થતી રજતબુદ્ધિનો ભ્રમ મટી જવાથી માણસ છીપને ગ્રહણ કરવામાં પ્રવૃત્તિ કરતો નથી, તેમ દેહાદિકમાં થતો આત્મભ્રમ નાશ થવાથી તે તે દેહ આદિમાં રમણ કરતો નથી-દેહાદિકમાં રાગ કરતો નથી. ૨૦

જેમ કોઈ અજ્ઞાની પોતાના કંઠમાં સોનાની માળા હોવા છતાં મારો હાર ક્યાં ગયો ? એમ કહેતો ફરે છે, પણ તે ભ્રાંતિ દૂર થવાથી પોતાના કંઠમાં જ હાર છે, એમ તેને સત્ય સમજાય છે, તેવી રીતે અજ્ઞાની જીવ દેહાદિક પરવસ્તુમાં આત્મભ્રાંતિ ધારણ કરી જ્યાં ત્યાં આત્મતત્ત્વ શોધે છે પણ જ્ઞાનનો પ્રકાશ થવાથી પોતાનામાં જ આત્મસ્વરૂપ ભાસે છે, બીજા ઉપાય વિના સહજભાવે મુક્તિની સિદ્ધિ થાય છે. ૨૧

આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના તું બાહ્યયોગમાં અને બાહ્ય વસ્તુના ભોગમાં સૂતો હતો. હવે જ્યારે આત્મજ્ઞાન પ્રગટ થયું ત્યારે સમજાયું કે તારું રૂપ અતીન્દ્રિય છે, તેનું વર્ણન કોણ કરી શકે ? અર્થાત્ તેનું વર્ણન થઈ શકે તેમ નથી- તે વચનાતીત છે. ૨૨

દેખે ભાખે ઓર કરે, જ્ઞાની સબહિ અચંભ;
વ્યવહારે વ્યવહારસ્યું, નિશ્ચયમેં થિર થંભ. ૨૩

જગ જાણે ઉન્મત્ત ઓ, ઓ જાણે જગ અંધ;
જ્ઞાનીકું જગમેં રહ્યો, યુ નહિં કોઈ સંબંધ. ૨૪

યા પર છાંહિ જ્ઞાન કી, વ્યવહારે જ્યું કહાઈ;
નિર્વિકલ્પ તુજ રૂપ મેં, દ્વિધા ભાવ ન સુહાઈ. ૨૫

યું બહિરાતમ છાંડિકે, અંતર-આતમ હોઈ;
પરમાતમ મતિ ભાવિએ, જિહાં વિકલ્પ ન કોઈ. ૨૬

સો મેં યા દ્રઢ વાસના, પરમાતમ પદ હેત;
ઈલિકા ભ્રમરી ધ્યાન ગતિ, જિનમતિ જિનપદ દેત. ૨૭

જ્ઞાની જે કાંઈ દેખે, જે કાંઈ બોલે, અને જે કાંઈ કરે, જ્ઞાનીનું તે સર્વ કર્ત્તવ્ય આશ્ચર્યકારક છે. જ્ઞાની વ્યવહારમાં શુદ્ધરીતે વર્તે છે અને નિશ્ચયનયે પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિર સ્થંભ સમાન વર્તે છે. ૨૩

જગત જ્ઞાનીઓને સાચી રીતે જાણી શકતું નથી અને જ્ઞાની જગતને અજ્ઞાની જાણે છે. જ્ઞાની જગતમાં રહેતા છતાં તે કોઈની સાથે સંબંધથી બંધાતો નથી. ૨૪

જેમ વ્યવહારમાં જ્ઞાનની પરછાયા કહેવાય છે અર્થાત્ ત્યાં વિકલ્પદશા હોય છે, તેમ નિર્વિકલ્પ આત્મા! તારા નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપમાં બે પ્રકારનો ભાવ શોભતો નથી- હોતો નથી. ૨૫

એમ બહિરાત્મભાવનો ત્યાગ કરીને અંતરાત્મા થઈ જ્યાં સંકલ્પ વિકલ્પ નથી એવા પરમાત્માની શુદ્ધમતિથી ભાવના કરવી. ૨૬

'હું જ્ઞાન-દર્શન-ચારિત્રમય આત્મા છું.' એવી દૃઢ વાસના પરમાત્મપદની પ્રાપ્તિ માટે છે, ઇલિકા અને ભમરીના દૃષ્ટાંતે રાગ-દ્વેષરહિત એવી જિનમતિ જિનપદની પ્રાપ્તિના હેતુભૂત થાય છે. શ્રી જિનેશ્વરપરમાત્માના ધ્યાનથી આત્મા સ્વયં જિન બની જાય છે. ૨૭

ભારે ભય પદ સોઈ હે, જિહાં જડકો વિશ્વાસ;
જિનસું ઓ ડરતો ફિરે, સોઈ અભયપદ તાસ. ૨૮

ઈન્દ્રિય-વૃત્તિ નિરોધ કરી, જો ખિનુ ગલિત વિભાવ;
દેખે અંતર આતમા, સો પરમાતમભાવ. ૨૯

દેહાદિકતેં ભિન્ન મેં, મોથેં ન્યારે તેહુ;
પરમાતમપથ દીપિકા, શુદ્ધ ભાવના એહુ. ૩૦

ક્રિયા કષ્ટ ભી નહુ લહે, ભેદજ્ઞાનસુખવંત;
યા બિન બહુવિધ તપ કરે, તો ભી નહિ ભવ અંત. ૩૧

અભિનિવેશ પુદ્ગલ વિષય, જ્ઞાનીકું કહાં હોત ?
ગુણકો ભી મદ મિટ ગયો, પ્રકટત સહજ ઉદ્યોત. ૩૨

જ્યાં જડ ઉપર વિશ્વાસ છે તે જ સૌથી મોટું ભયસ્થાન છે.=બાહ્યપદાર્થોમાં આત્મબુદ્ધિ કરવી તે જ મોટું ભયસ્થાન છે. જે જડપદાર્થોથી-બાહ્યભાવોથી આ આત્મા ડરતો ફરે છે-દૂર ભાગે છે, તે જ તેનું અભયપદ-નિર્ભયસ્થાન છે. ૨૮

ઇંદ્રિયોની વૃત્તિનો નિરોધ કરી- સંયમન કરી, વિભાવદશાને દૂર કરી જે અંતરાત્માવડે ક્ષણમાત્ર જોતાં જે જણાય છે તે જ પરમાત્માનું તત્ત્વ છે.-પરમાત્મભાવ છે. ૨૯

હું દેહ, વાણી અને મન આદિથી ભિન્ન છું, અને તે દેહાદિક મારાથી ન્યારા છે આવી શુદ્ધભાવના ભાવવી તે પરમાત્મમાર્ગની દીવી છે. ૩૦

ભેદજ્ઞાને (શરીર અને આત્મા ભિન્ન છે તેમ જાણવું તે) કરી સુખી આત્મા ક્રિયાના કષ્ટને પામતો નથી, અને તે ભેદજ્ઞાન વિના અનેક પ્રકારના તપ કરે - શારીરિક કષ્ટક્રિયા કરે તો પણ તેને ભવનો અંત થતો નથી. ૩૧

આત્મજ્ઞાની કે જેને પોતાના જ્ઞાનાદિક ગુણો સંબંધી પણ મદ મટી ગયો હોય છે અને તેને સહજ આત્મસ્વપરૂપનો ઉદ્યોત પ્રગટ થયેલો હોય છે તેવા આત્મજ્ઞાનીને પુદ્‌ગલ સંબંધી અભિનિવેશ હોતો નથી. ૩૨

ધર્મ ક્ષમાદિક ભી મિટે, પ્રગટત ધર્મસંન્યાસ;
તો કલ્પિત ભવ-ભાવમેં, ક્યું નહિ હોત ઉદાસ ? ૭૩

રજ્જુ અવિદ્યા-જનિત અહિ, મિટે રજ્જુ કે જ્ઞાન;
આતમજ્ઞાને ત્યું મિટે, ભાવ અબોધ નિદાન. ૭૪

ધર્મ અરૂપી દ્રવ્યકે, નહિ રૂપી પરહેત;
અપરમ ગુન રાચે નહિ, યું જ્ઞાની મતિ દેત. ૭૫

ધર્મસંન્યાસયોગ પ્રગટ થતાં ક્ષાયિકભાવે આત્મધર્મ પ્રગટ થતાં, ક્ષયોપશમ-ભાવનાં ક્ષમાદિક બાહ્યધર્મો પણ પોતાની મેળે શમી જાય છે. તો કલ્પિત સંસારના ભાવમાં જ્ઞાની કેમ મધ્યસ્થ ન રહી શકે ? અર્થાત્ સંસારના સર્વ ભાવોમાં જ્ઞાની મધ્યસ્થ રહે છે. ૩૩

અંધકારમાં દૂરથી દોરડી જોતાં અજ્ઞાનથી જીવ દોરડીને સર્પ માને છે અને તેનાથી ભય પામે છે, પણ એ દોરડી છે એવું જ્ઞાન બરાબર થવાથી તેને દોરડીમાંથી સર્પની બુદ્ધિ નાશ પામે છે તેમ દેહાદિકમાં અવિદ્યાના યોગે આત્મબુદ્ધિની ભ્રાંતિ થઈ છે, પણ જ્યારે આત્માના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે આપોઆપ દેહાદિકમાં આત્મબુદ્ધિની ભ્રાંતિ ટળે છે. ૩૪

અરૂપી આત્મદ્રવ્યનો ધર્મ પણ અરૂપી છે, તે અરૂપી આત્મદ્રવ્યના ધર્મનો હેતુ રૂપીદ્રવ્ય નથી કારણ કે અરૂપી ધર્મમાં રૂપીદ્રવ્યનું હેતુપણું ઘટતું નથી તેમ પોતાની જાતિથી ભિન્ન એવું પુદ્ગલદ્રવ્ય છે, તે આત્મદ્રવ્યમાં નિશ્ચયથી જોતાં કારણભૂત થતું નથી. અપરમ ગુણમાં રાચવું નહિં. એમ જ્ઞાની પુરુષો પોતાની બુદ્ધિથી વિચારે છે. ૩૫

નૈગમનયકી કલ્પના, અપરમ-ભાવ વિશેષ;
પરમ-ભાવમેં મગનતા, અતિ વિશુદ્ધ નયરેખ. ૩૬

રાગાદિક જબ પરિહરી, કરે સહજ ગુણખોજ;
ઘટમેં ભી પ્રગટે તદા, ચિદાનંદ કી મોજ. ૩૭

રાગાદિક પરિણામ-યુત, મનહિ અનંત સંસાર;
તેહિજ રાગાદિક રહિત, જાને પરમપદ સાર. ૩૮

ભવ-પ્રપંચ મનજાલકી, બાજી જૂઠી મૂલ;
ચાર પાંચ દિન ખુશ લગે, અંત ધૂલકી ધૂલ. ૩૯

મોહ બાગુરી જાલ મન, તામેં મૃગ મત હોઉં;
યામેં જે મુનિ નહિ પરે, તાકું અસુખ ન કોઉં. ૪૦

અપરમ-ભાવ વિશેષ નૈગમનયની કલ્પના છે, પરમભાવમાં મગ્નતા તે અતિશુદ્ધ નયની રેખા છે માટે શુદ્ધ આત્મભાવમાં રાચવું. અતિવિશુદ્ધનય એટલે શુદ્ધ નિશ્ચયનય. ૩૬

રાગ-દ્વેષ, પરભાવ આદિનો ત્યાગ કરીને પોતાના આત્માના સ્વાભાવિક ગુણો-જ્ઞાન આદિની ખોજ કરે, તો આત્માને પોતાના ઘટમાં જ ચિદાનંદની મોજ પ્રગટે છે. ૩૭

રાગ અને દ્વેષના પરિણામવાળું મન તે જ અનંત સંસાર છે અને રાગાદિક રહિત એવું મન તે જ પરમપદ જાણવું.૩૮

ભવપ્રપંચભૂત મનની બનેલી માયાજાળની બધી બાજી જૂઠી છે, તો પણ તેમાં રાચી રહેલા જીવોને ચાર-પાંચ દિવસ, થોડા વખત સુધી ભલે સુખ લાગે, પણ અંતે તો તે ધૂલની વસ્તુ ધૂલરૂપ જ થઈ જાય છે. અર્થાત્ ભવના પ્રપંચમાંથી કાંઈ પણ સારભૂત તત્ત્વ હાથમાં આવતું જ નથી. ૩૯

મોહરૂપી વાઘરી છે અને મનરૂપી જાળ છે. તેમાં પડેલો જીવ મૃગસમાન જાણવો. હે મુનિઓ ! તે મનજાળમાં તમે પડશો નહિ, જે મુનિ તે મનજાળમાં પડે નહિ તેને પછી કોઈ પ્રકારનું દુઃખ રહેતું નથી. ૪૦

જબ નિજ મન સન્મુખ હુએ, ચિંતે ન પર ગુણ દોષ;
તબ બહુરાઈ લગાઈએ, જ્ઞાન ધ્યાન રસ પોષ. ૪૧

અહંકાર પરમેં ધરત, ન લહે નિજ ગુણગંધ;
અહંજ્ઞાન નિજ ગુણ લગે, છુટે પરહિ સંબંધ. ૪૨

અર્થ ત્રિલિંગી પદ લહે, સો નહિ આતમરૂપ;
તો પદ કરી ક્યું પાઈએ ? અનુભવગમ્ય સ્વરૂપ. ૪૩

દિસિ દાખી નવિ ડગ ભરે, નય પ્રમાણ પદકોડિ;
સંગ ચલે શિવપુર લગેં, અનુભવ આતમ જોડી. ૪૪

જ્યારે મન આત્મસન્મુખ થાય છે, ત્યારે પારકાના ગુણ-દોષ તરફ દૃષ્ટિ દેતું નથી. વિશેષ પ્રકારે આ રીતે મન જ્યારે આત્મા સન્મુખ બને ત્યારે તેને આત્મામાં લગાડવું કે જેથી જ્ઞાન અને ધ્યાનના રસની વિશેષ પુષ્ટિ થાય. ૪૧

પરમાં એટલે શરીર, મન, વાણી, ઘર, ધન અને સ્ત્રી આદિમાં આત્મબુદ્ધિ-અહંકાર ધારણ કરે છે, ત્યારે આત્મા આત્મગુણની ગંધ પણ પામતો નથી પણ જ્ઞાનીપુરુષ જ્યારે આત્મામાં અને આત્માના ગુણોમાં અહમ્ વૃત્તિ ધારણ કરી પરવસ્તુથી- શરીર-કર્મ આદિથી રહિત થઈ જાય છે, ત્યારે મુક્તિપદ પામે છે. ૪૨

જે આ દેખાતા ત્રણ લિંગ (સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુંસકલિંગ) રૂપ શરીરને આત્મારૂપે જાણે છે, તે બહિરાત્મા છે અને તે આત્માના સાચા સ્વરૂપને જાણતો નથી માટે લિંગથી ભિન્ન અનુભવગમ્ય આત્મસ્વરૂપ જાણવું. ૪૩

શાસ્ત્રો તો દિશા માત્ર બતાવનારા છે. દિશા બતાવીને ઊભા રહે છે તેમનું કાર્ય એટલું જ છે અર્થાત્ નયશાસ્ત્ર અને પ્રમાણ શાસ્ત્રનાં ક્રોડો પદ જોવા માત્રથી આત્મસ્વરૂપ તરફ એક ડગલું પણ ભરી શકાતું નથી પણ આત્માની સાથે અનુભવ જોડવાથી તે અનુભવ જ મોક્ષનગરસુધી સાથે ચાલે છે. ૪૪

આતમગુણ અનુભવત ભી, દેહાદિકતેં ભિન્ન;
ભૂલે વિભ્રમ-વાસના, જોરેં ફિરે ન ખિન્ન. ૪૫

દેખે સો ચેતન નાંહિ, ચેતન નાહિ દિખાય;
રોષ તોષ કિનસું કરે ? આપ હિ આપ બુઝાય. ૪૬

ત્યાગ ગ્રહણ બાહિર કરે, મૂઢ કુશલ અંતરંગ;
બાહિર અંતર સિદ્ધકું, નહિ ત્યાગ અરૂ સંગ. ૪૭

આત્માના ગુણોને અનુભવતો અને "આત્મા એ શરીરાદિથી ભિન્ન છે" એવી ભાવના કરવા છતાં પણ પૂર્વની ભ્રમવાસના યોગે પાછું આત્મસ્વરૂપ ભૂલાય છે માટે ક્ષણે ક્ષણે આત્મસ્વરૂપ સંભારી આત્મસ્વરૂપમાં રમણતા કરવી. ૪૫

આ જે દેખાય છે તે (શરીર, મન, વાણી, સાતધાતુ, ઘરબાર વગેરે વસ્તુઓ) ચેતન નથી. ચેતન = આત્મા એ દેખાતો નથી - અરૂપી છે. તો કોનાથી રોષ કરું? અને કોનાથી તોષ માનું ? આથી પોતાના આત્માને પોતાની મેળે ઓળખી આત્મસ્વરૂપમાં જ મગ્ન રહેવું ઉચિત છે. ૪૬

મૂઢ જીવ બાહ્યવસ્તુમાં ત્યાગ અને ગ્રહણબુદ્ધિ ધારણ કરે છે અને કુશળ એવો અંતરાત્મા અંતરંગ-આત્મામાં ત્યાગ (= રાગદ્વેષનો તથા આઠ કર્મોનો ત્યાગ) અને ગ્રહણ (આત્માના આઠ ગુણ અને આત્માની અનંત ઋદ્ધિનું ગ્રહણ) કરે છે. અર્થાત્ અંતરાત્મા આવિર્ભાવની અપેક્ષાએ સ્વગુણ - પર્યાયનું ગ્રહણ કરે છે અને સિદ્ધાત્માને બાહ્યથી કે અંતરથી ત્યાગ કે ગ્રહણ કશું હોતું નથી. ૪૭

આતમજ્ઞાને મન ધરે, વચન-કાય-રતિ છોડ;
તો પ્રકટે શુભ વાસના, ગુણ અનુભવકી જોડ. ૪૮

યોગારંભીકું અસુખ, અંતર બાહિર સુખ;
સિદ્ધ - યોગકું સુખ હે, અંતર બાહિર દુઃખ ૪૯

સો કહિએ સો પૂછિયે, તામેં ધરિયે રંગ;
યાતેં મિટે અબોધતા, બોધરૂપ હુઈ ચંગ. ૫૦

નહિ કછુ ઈન્દ્રિય વિષયમેં, ચેતન કું હિતકાર;
તો ભી જન તામેં રમેં, અંધો મોહ અંધાર. ૫૧

મૂઢાતમશું તે પ્રબલ, મોહે છાંડિ શુદ્ધિ;
જાગત હે મમતા ભરે, પુદ્‌ગલમેં નિજબુદ્ધિ. ૫૨

મન જો વચન અને કાયાની રતિ છોડીને આત્મજ્ઞાનમાં રતિ ધારણ કરે તો અંતરમાં શુભ વાસના પ્રગટે છે અને તે આત્મગુણના અનુભવને જોડી આપે છે. ૪૮

યોગારંભીને-આત્મસ્વરૂપનો પ્રથમ અનુભવ કરનારને બાહ્ય વસ્તુમાં સુખ અને અંતરમાં દુઃખ લાગે છે પણ સિદ્ધયોગીને - યથાર્થ આત્મસ્વરૂપ જાણનારને કેવળ આત્મસ્વરૂપમાં જ સુખ લાગે છે અને બાહ્ય વિષયો દુઃખરૂપ લાગે છે. ૪૯

માટે તે જ આત્મસ્વરૂપ કહેવું, તે આત્મસ્વરૂપ જ પૂછવું. તેમાં જ આનંદ ધારણ કરવો જેથી અજ્ઞાનદશા નાશ પામે અને સુંદર જ્ઞાનદશાને-જ્ઞાનમય-આત્મસ્વરૂપને પામે, ૫૦

ઈન્દ્રિયોના વિષયમાં ચેતનને કાંઈ હિતકારક-લાભ નથી તો પણ મોહરૂપ અંધકારથી અંધ બનેલા જીવો તેમાં-ઈન્દ્રિયોના વિષયમાં રમે છે. આનંદ પામે છે. ૫૧

મોહથી શુદ્ધાત્મસ્વરૂપની શુદ્ધિ જેણે છોડી છે એવા મૂઢાત્માને પુદ્‌ગલદ્રવ્યોમાં અહંપણાની બુદ્ધિ જાગે છે અને પરદ્રવ્યમાં મમતા કરે છે. ૫૨

તાકું બોધન-શ્રમ અફલ, જાકું નહિ શુભ યોગ;
આપ આપકું બૂઝવે, નિશ્ચય અનુભવ ભોગ. ૫૩

પરકો કિસ્યો બુઝાવનો, તૂં પરગ્રહણ ન લાગ;
ચાહે જેમેં બુઝનો, સો નહિ તુઝ ગુણભાગ. ૫૪

જબલોં પ્રાની નિજમતેં, ગ્રહે વચન મન કાય;
તબલોં હિ સંસાર થિર, ભેદ-જ્ઞાન મિટી જાય. ૫૫

સૂક્ષ્મ ધન જીરન નવે, જ્યું કપરે ત્યું દેહ;
તાતેં બુધ માનેં નહિં, અપની પરિણતિ તેહ. ૫૬

જે જીવને શુભયોગ પ્રગટ્યો નથી પોતાના આત્મસ્વરૂપ પ્રત્યે રુચિ થઈ નથી તેને બોધ કરવાનો શ્રમ કરવો તે નિષ્ફળ છે. નિશ્ચયથી જોતાં પોતે જ પોતાના આત્માને સમજાવી શકાય છે, એમ અનુભવી મહાપુરુષો કહે છે.૫૩

પરને-બીજાને કઈ રીતે બુઝવવો ? જેને બોધ કરવા ઈચ્છું છું તે હું નથી, અને હે આત્મા ! તું બીજાને ગ્રાહ્ય નથી. તું જેનામાં બોધ કરવાને ઈચ્છે છે, તે તારા ગુણોને ભોગવનાર નથી. કેમ કે આત્મા સ્વસંવેદનગ્રાહ્ય છે. ૫૪

મનુષ્ય જ્યાં સુધી મન, વચન અને કાયા એ ત્રણને વિશે આત્મબુદ્ધિ ધારણ કરે છે, ત્યાં સુધી તેનો સંસાર સ્થિર જાણવો અને એ ત્રણથી આત્મા ભિન્ન છે, એવું ભેદજ્ઞાન થાય ત્યારે તેનો સંસાર મટી જાય છે. ૫૫

જાડું વસ્ત્ર પહેરવાથી હું જાડો છું, એમ જ્ઞાની પુરુષ માનતો નથી તેમ શરીર જાડું થતાં આત્મા પણ જાડો છે, એમ માનતો નથી શરીર પાતળું પડતાં આત્મા પાતળો છે. એમ માનતો નથી; જ્ઞાની તો આત્મપરિણતિવાળો જ હોય છે. ૫૬

હાનિ વૃદ્ધિ ઉજ્જ્વલ મલિન, જ્યું કપરે ત્યું દેહ;
તાતેં બુધ માને નહિં, અપની પરિણતિ તેહ. ૫૭

જૈસે નાશ ન આપકો, હોત વસ્ત્રકો નાશ;
તૈસે તનુકે નાશતેં, ચેતન અચલ અનાશ. ૫૮

જંગમ જગ થાવર પરે, જાકું ભાસે નિત્ત;
સો ચાખે સમતા-સુધા, અવર નહિ જડ-ચિત્ત. ૫૯

મુગતિ દૂર તાકું નહિ, જાકું સ્થિર સંતોષ;
દૂર મુગતિ તાકું સદા, જાકું અવિરતિ પોષ. ૬૦

હોત વચન મન ચપલતા, જનકે સંગ નિમિત્ત;
જન-સંગી હોવે નહિ, તાતેં મુનિ જગ-મિત્ત. ૬૧

જેમ કપડાની હાનિ-વૃદ્ધિ થવાથી કે કપડું ઉજ્જવળ કે મલિન થવાથી જ્ઞાની પોતાને હાનિ કે વૃદ્ધિ પામેલો અગર ઉજ્જવળ કે મલિન થયેલો માનતો નથી તેમ શરીરની હાનિ-વૃદ્ધિમાં કે ઉજ્જવળતા કે મલિનતામાં પોતાના આત્માની હાનિ-વૃદ્ધિ કે ઉજ્જ્વળતા કે મલિનતા જ્ઞાની માનતો નથી. ૫૭

જેમ વસ્ત્રનો નાશ થવાથી પોતાનો નાશ થતો નથી તેમ શરીરનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી. ચેતન તો અચલ અને અવિનાશી છે. ૫૮

હંમેશા જેને હાલતું - ચાલતું જગત (શરીર આદિ) સ્થાવર પથ્થર આદિની જેમ જડ લાગે છે, તે સમતારૂપી અમૃતરસને ચાખે છે, બીજો જડબુદ્ધિવાળો તે સમતારૂપી અમૃત ચાખી શકતો નથી. ૫૯

જેના મનમાં સ્થિરપણે સંતોષે નિવાસ કર્યો છે, તેને મુક્તિ દૂર નથી- મુક્તિ તેની નજીકમાં જ છે અને જેને અવિરતિની પુષ્ટિ થાય છે- જેના હૃદયમાં સંતોષ નથી તેનાથી મુક્તિ હંમેશા દૂર છે. ૬૦

મનુષ્યોના સંસર્ગથી વચન અને મનની ચપલતા થાય છે. તેથી મુનિઓએ મનુષ્યનો સંસર્ગ ત્યજવો અને સંસર્ગનો ત્યાગ કરનાર મુનિઓ જગતના મિત્ર છે. ૬૧

વાસ નગર વન કે વિષે, માને દુવિધ અબુદ્ધ;
આતમ-દર્શીકું વસતિ, કેવલ આતમ શુદ્ધ. ૬૨

આપ-ભાવના દેહમેં, દેહાંતર ગતિ હેત;
આપ-બુદ્ધિ જો આપમેં, સો 'વિદેહ' પદ દેત. ૬૩

ભવિ શિવપદ દિઈ આપકું, આપહી સન્મુખ હોઈ;
તાતે ગુરુ હે આતમા, અપનો ઔર ન કોઈ. ૬૪

સોવત હે નિજ ભાવમેં, જાગે તે વ્યવહાર;
સુતો જે વ્યવહારમેં, સદા સ્વરૂપાધાર. ૬૫

અંતર ચેતન દેખકે, બાહિર દેહ સ્વભાવ;
તાકે અંતર જ્ઞાનતેં, હોઈ અચલ દઢભાવ. ૬૬

ભાસે આતમજ્ઞાન ધુરિ, જગ ઉન્મત્ત સમાન;
આગે દઢ અભ્યાસતેં, પથ્થર તૃણ અનુમાન. ૬૭

નગર કે વન એ બેને તો અજ્ઞાની પોતાના નિવાસ માને છે- અર્થાત્ અજ્ઞાની પોતાને નગરમાં રહેતા નગરવાસી માને છે અને વનમાં રહેતા વનવાસી માને છે પણ આત્મદર્શી એવા જ્ઞાનીને તો શુદ્ધાત્મા એ જ રહેવાનું સ્થાન છે. ૬૨

દેહમાં આત્મબુદ્ધિ કરવી તે ભવપરંપરાનું કારણ છે પણ આત્મામાંજ જો આત્મબુદ્ધિ ધારણ કરે તો તે વિદેહપદ =દેહરહિત પદ=મોક્ષપદનો હેતુ છે. ૬૩

પોતાનો ભવ્ય આત્મા જ આત્માની સન્મુખ બની આત્માને મોક્ષપદ આપે છે. એટલા માટે વાસ્તવિક રીતિએ-નિશ્ચયનયથી આત્મા જ આત્માનો ગુરુ છે પણ બીજો કોઈ આત્માનો ગુરુ નથી. ૬૪

જે નિજભાવમાં સૂતેલ છે, તે જાગે છે એમ કહેવું તે વ્યવહાર જગતની ઘટના કહેવાય. પણ જે બહિર્ભાવમાં સૂતેલ છે તે જ સ્વરૂપના આધારરૂપ આત્મભાવમાં જાગતો છે. ૬૫

જેઓ આત્માને અંતરમાં દેખી અને દેહસ્વભાવને બાહ્યરૂપે દેખે, તેઓ અંતરના જ્ઞાનથી અચલ અને દૃઢભાવવાળા થાય છે. ૬૬

પ્રારબ્ધયોગી એવા આત્મજ્ઞાનીને પ્રથમ જગત ઉન્મત્ત જેવું જણાય છે પણ આગળ દૃઢઅભ્યાસથી પથ્થર અને તણખલાં જેવું ભાસે છે. ૬૭

ભિન્ન દેહતેં ભાવિયે, ત્યું આપહીમેં આપ;
જ્યું સ્વપ્નહીમેં નહિ હુએ, દેહાતમ ભ્રમ-તાપ. ૬૮

પુણ્ય પાપ વ્રત અવ્રત, મુગતિ દોઉકે ત્યાગ;
અવ્રત પરે વ્રત ભી ત્યજે, તાતેં ધરિ શિવ-રાગ. ૬૯

પરમ ભાવ પ્રાપ્તિ લગે, વ્રત ધરિ અવ્રત છોડિ;
પરમ ભાવ રતિ પાય કે, વ્રત ભી ઈન મેં જોડિ. ૭૦

દહન સમેં જ્યું તૃણ દહે, ત્યું વ્રત અવ્રત છેદિ;
ક્રિયા શક્તિ ઈનમેં નહિ, યા ગતિ નિશ્ચય ભેદિ. ૭૧

વ્રત ગુણ ધારત અવ્રતિ, વ્રતિજ્ઞાન ગુણ હોઈ,
પરમાતમકે જ્ઞાનતેં, પરમ-આતમા હોઈ. ૭૨

આત્માને શરીરથી ભિન્ન વિચારીએ તો આત્મામાં જ આત્મા જણાય. જેથી સ્વપ્નમાં પણ "દેહ એ જ આત્મા છે." એવા ભ્રમનો તાપ ન થાય. ૬૮

પુણ્ય-પાપ, વ્રત-અવ્રત અથવા વ્રતથી પુણ્ય, અવ્રતથી પાપ અને તે બંનેના ત્યાગથી મુક્તિ થાય છે માટે મોક્ષાર્થી મોક્ષનો રાગ ધારણ કરી અવ્રતની પેઠે છેવટે વ્રતથી પણ નિવૃત્ત થાય છે. ૬૯

પ્રથમ હિંસા વગેરે અવ્રતોનો ત્યાગ કરવો જરૂરી છે અને જ્યાં સુધી પરમ વીતરાગભાગ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મહાવ્રતોને ધારણ કરવા જોઈએ. પછી પરમ વીતરાગતા રૂપ પદ પમાય ત્યારે વ્રતને પણ તેમાં જોડી દેવા. ૭૦

જેમ અગ્નિ તૃણને બાળીને પોતે તેમાં સમાઈ જાય છે, તેમ વ્રત પણ અંતે વિલયભાવને પામે છે. અવ્રતને છેદવાની ક્રિયાશક્તિ વ્રતમાં નથી. બાહ્ય અને અભ્યંતર બે પ્રકારના અવ્રતને છેદવાની શક્તિ તો નિશ્ચયનયથી આત્માનાં સ્વભાવમાં રહેલી છે. ૭૧

અવ્રતી વ્રતગુણ ધારણ કરીને અને વ્રતી જ્ઞાનગુણ ગ્રહણ કરીને અનુક્રમે પરમાત્મજ્ઞાનથી સંપન્ન થઈને પરમાત્મા થાય છે. ૭૨

લિંગ દેહ આશ્રિત રહે, ભવકો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિ, લિંગ-પક્ષ-રત જેહ. ૭૩

જાતિ દેહ આશ્રિત રહે, ભવકો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિ, જાતિ-પક્ષ-રત જેહ. ૭૪

જાતિ-લિંગ કે પક્ષમેં, જિનકું હૈ દૃઢ રાગ;
મોહજાલમેં સો પરેં, ન લહે શિવસુખ ભાગ. ૭૫

લિંગ દ્રવ્ય ગુન આદરે, નિશ્ચય સુખ વ્યવહાર;
બાહ્ય લિંગ હઠ નય મતિ, કરે મૂઢ અવિચાર. ૭૬

લિંગ એટલે જટા ધારણ કરવી, ભગવાં વસ્ત્રો પહેરવાં, દંડ ધારણ કરવો, શરીર ઉપર અમુક ચિહ્ન ધારણ કરવા, તે સર્વ દેહને આશ્રય કરીને રહેલા છે, અને દેહ તે સંસારનું કારણ છે, તેથી જેઓ માત્ર લિંગ-ચિહ્નમાં જ આગ્રહ રાખનારા છે એવા કદાગ્રહવાળા જીવો મુક્તિ પામતા નથી. ૭૩

બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ જાતિ તે દેહને આશ્રીને રહી છે અને દેહ એ સંસારનું કારણ છે, માટે જેઓ માત્ર જાતિમાં જ રક્ત રહે છે-જાતિનું જ અભિમાન કરે છે, તેઓ સંસારનો છેદ કરી શકતા નથી-મુક્તિ પામતા નથી. ૭૪

જે મનુષ્યને જાતિ અને લિંગના પક્ષમાં જ એકાંત દઢરાગ છે એટલે જાતિ અને લિંગને જ મુક્તિનું કારણ માને છે, તે અજ્ઞાની જીવ મોહની જાળમાં ફસાયેલો છે. તે મોક્ષસુખ પામી શકતો નથી. ૭૫

દ્રવ્યલિંગ છે તે આત્મગુણોનો સ્વીકાર કરવામાં હેતુભૂત છે, નિશ્ચયનયથી સાધ્ય જે મોક્ષસુખ તેમાં દ્રવ્યલિંગરૂપ વ્યવહાર કારણભૂત છે, પણ દ્રવ્યલિંગ એકાંતે મોક્ષનું કારણ નથી, તેમ છતાં જે મૂઢ કેવળ બાહ્યલિંગમાં જ હઠ-કદાગ્રહ રાખે છે, તે વસ્તુના યથાર્થસ્વરૂપનો વિચાર કરી શકતો નથી. ૭૬

ભાવ લિંગ જાતેં ભયે, સિદ્ધ પનરસ ભેદ;
તાતેં આતમકું નહિ, લિંગ ન જાતિ ન વેદ. ૭૭

પંગુ દૃષ્ટિ જ્યું અંધમેં, દૃષ્ટિભેદ નહુ દેત;
આતમ-દૃષ્ટિ શરીરમેં ત્યું ન ધરે ગુન હેત. ૭૮

સ્વપ્ન વિકલતાદિક દશા, ભ્રમ માને વ્યવહાર;
નિશ્ચયનયમેં દોષ-ક્ષય, વિના સદા ભ્રમચાર. ૭૯

છૂટે નહિ બહિરાતમા, જાગત ભી પઢિ ગ્રંથ;
છૂટે ભવથેં અનુભવી, સુપન-વિકલ નિર્ગ્રંથ. ૮૦

ભાવલિંગ ઉત્પન્ન થતાં સિદ્ધના પંદર ભેદો થયા, માટે આત્માને લિંગ જાતિ કે વેદ કશું નથી. આત્મા સ્વગુણોથી જ સિદ્ધ થાય છે, ભાવલિંગ છે તે આત્માના ગુણસ્વરૂપ છે. ૭૭

જેમ સમજુ માણસ પાંગળાની દૃષ્ટિને આંધળાની દૃષ્ટિ માનતો નથી તેમ જે દેહ અને આત્માના ભેદને જાણે છે તે ગુણના હેતુરૂપ આત્માની દૃષ્ટિને શરીરમાં ધારણ કરતો નથી. અર્થાત્ અંતરાત્મા શરીરથી ન્યારો વર્તે છે. ૭૮

વ્યવહારનય સ્વપ્ન અને વિકલતા-ઉન્મત્તપણા આદિ દશાને ભ્રમરૂપ માને છે, નિશ્ચયનયમાં તો દોષનો ક્ષય થયેલ હોવાથી સદાય ભ્રમનો ચાર નથી. અર્થાત્ આત્મદર્શી અંતરાત્માને સુપ્તાદિ અવસ્થામાં પણ વિભ્રમ નથી તો જાગ્રત અવસ્થામાં વિભ્રમ ક્યાંથી હોય ? ૭૯

બહિરાત્મા ગ્રંથો ભણે, જાગતો રહે તો પણ કર્મથી છૂટતો નથી તેમજ અનુભવી અંતરાત્મા મુનિ દૃઢ અભ્યાસને લીધે નિદ્રા લેતો હોય કે વિકલ હોય તો પણ સંસારથી છૂટે છે - કર્મરહિત થાય છે. ૮૦

પઢિ પાર કહાં પાવનો ? મિટયો ન મનકો ચાર;
જ્યું કોલ્હુકે બેલકું, ઘરહી કોસ હજાર. ૮૧

તિહાં બુદ્ધિ થિર પુરુષકી, જિહાં રુચિ તિહાં મનલીન;
આતમ-મતિ-આતમ-રુચિ, કાહુ કોન અધીન ? ૮૨

સેવત પરમ પરમાત્મા, લહે ભવિક તસ રૂપ;
બતિયાં સેવત જ્યોતિકું, હોવત જ્યોતિ-સરૂપ. ૮૩

આપ આપમેં સ્થિત હુએ, તરૂથેં અગ્નિ-ઉદ્યોત;
સેવત આપહિ આપકું, ત્યું પરમાતમ હોત. ૮૪

જો મનના વિકલ્પો ન મટે તો ભણીને પણ પાર શી રીતે પામી શકાય ? કોલુનો (ઘાણી-અરહદમાં જોડાયેલ) બળદ આખો દિવસ ફર્યા કરે અને મનમાં જાણે કે હું હજારો ગાઉ ચાલ્યો પણ તે ઘેરનો ઘેર જ હોય છે. ૮૧

જ્યાં મનુષ્યની બુદ્ધિ સ્થિરપણે ચોંટે છે ત્યાં તેની રુચિ પણ થાય છે અને મન પણ તેમાં લીન બને છે, જેને આત્મવિષયમાં જ મતિ થાય છે, આત્મામાં જ રુચિ થાય છે - આત્મામાં જ પ્રીતિ થાય છે, તે પુરુષ બીજા કોને આધીન છે ? અર્થાત્ તે બીજા કોઈને આધીન નથી. ૮૨

પરમાત્માની સેવા કરવાથી ભવ્ય જીવ તે પરમાત્માના રૂપને પામે છે, જેમ દીપથી ભિન્ન એવી વાટ તે દીપની જ્યોતિને સેવીને પોતે પણ જ્યોતિસ્વરૂપ બને છે. ૮૩

આત્મા આત્મામાં સ્થિર થવાથી પરમાત્મારૂપ બને છે, જેમ વૃક્ષ પોતેપોતાની સાથે ઘસાતાં વૃક્ષમાં અગ્નિ પ્રગટે છે અને પોતે અગ્નિરૂપ થઈ જાય છે, તેમ આત્મા પણ આત્માનું ધ્યાન કરતાં પરમાત્મરૂપ થઈ જાય છે. ૮૪

યાહિ પરમપદ ભાવિયે, વચન અગોચર સાર;
સહજ જ્યોતિ તો પાઈયે, ફિર નહિ ભવ-અવતાર. ૮૫

જ્ઞાનીકું દુઃખ કછુ નહિ, સહજ સિદ્ધ નિર્વાણ;
સુખ પ્રકાશ અનુભવ ભએ, સબહિ ઠોર કલ્યાણ. ૮૬

સુપન-દૃષ્ટિ સુખ નાશતેં, જ્યું દુઃખ ન લહે લોક;
જાગર-દૃષ્ટિ વિનષ્ટમેં, ત્યું બુધકું નહિ શોક. ૮૭

સુખ - ભાવિત દુઃખ પાય કે, ક્ષય પાવે જગજ્ઞાન;
ન રહે સો બહુ તાપમેં, કોમલ ફૂલ સમાન. ૮૮

આ આત્મા જ મોક્ષપદ છે, એમ ભાવીએ અને તેવી ભાવનાથી વચનને અગોચર એવું મોક્ષપદ પમાય છે, અને તેથી આત્માની સ્વાભાવિક જ્યોતિ (કેવળજ્ઞાન) પ્રાપ્ત થાય છે અને તેથી ફરીથી સંસારમાં અવતાર-જન્મ થતો નથી. ૮૫

જ્ઞાનીને કોઈ પણ પ્રકારનું દુઃખ નથી, જ્ઞાનીને સહજ રીતે મોક્ષ સિદ્ધ થાય છે. સુખનો પ્રકાશ કરનાર અનુભવ ઉત્પન્ન થતાં સર્વત્ર કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. ૮૬

સ્વપ્નમાં જોયેલ સુખનો નાશ થવાથી જેમ લોક દુઃખ પામતો નથી તેમ જાગ્રત અવસ્થામાં જોયેલ શરીર આદિનો નાશ થવાથી પંડિતજનને શોક થતો નથી. ૮૭

સુખભાવિત જ્ઞાન-શાતાવેદનીયના યોગે ભાવિત જ્ઞાન, દુઃખ પ્રાપ્ત થતાં નાશ પામે છે- દુઃખના વખતમાં ટકી શકતું નથી. જેમ બહુ તાપમાં કોમળ ફૂલ કરમાઈ જાય છે, તેમ સુખભાવિત જ્ઞાન દુઃખ પડવાથી રહે નહિં. અર્થાત્ કષ્ટ વખતે સુખભાવિત જ્ઞાનવાળાને સમાધિ રહેતી નથી પણ તે અસમાધિમાં પડી જાય છે. ૮૮

દુઃખ - પરિતાપે નવિ ગલે, દુઃખ-ભાવિત મુનિ-જ્ઞાન;
વજ્ર ગલે નવિ દહનમેં, કંચનકે અનુમાન. ૮૯

તાતેં દુઃખસું ભાવિએ, આપ શક્તિ અનુસાર;
તો દૃઢતર હુઈ ઉલ્લસે, જ્ઞાન-ચરણ-આચાર. ૯૦

રનમેં લરતે સુભટ જ્યું, ગિને ન બાન-પ્રહાર;
પ્રભુ-રંજન કે હેત ત્યું, જ્ઞાની અસુખ-પ્રચાર. ૯૧

વ્યાપારી વ્યાપારમેં, સુખ કરિ માને દુઃખ;
ક્રિયા કષ્ટ સુખમેં ગિને, ત્યું વાંછિત મુનિ સુખ. ૯૨

અને દુઃખના પરિતાપથી દુઃખ ભાવિત સમતાપૂર્વક દુઃખને સહન કરનાર મુનિવરનું જ્ઞાન ગળી જતું નથી- નાશ થતું નથી. જેમ અગ્નિમાં વજ્ર ગળતું નથી અને સોનાને અગ્નિમાં નાંખવાથી પોતાનું મૂળ સ્વરૂપ ત્યાગતું નથી પણ ઉલટું વધારે શુદ્ધ થાય છે, તેમ દુઃખના પરિતાપથી- પરિષહ આદિથી મુનિનું જ્ઞાન ગળી જતું નથી પણ વધારે શુદ્ધ થાય છે. ૮૯

તેથી પોતાની શક્તિ અનુસાર શારીરિક આદિ કષ્ટ સહન કરી આત્માને ભાવવો કે જેથી આત્માનો ઉપયોગ સ્થિર થઈ ઉલ્લાસ પામે અને એમ કરવાથી જ્ઞાન અને ચારિત્રનો દૃઢભાવ થાય. ૯૦

યુદ્ધમાં લડતા સુભટો જેમ બાણના પ્રહારને ગણતા નથી, તેમ આત્મારૂપ પ્રભુને રંજન કરવા માટે કર્મરૂપી શત્રુની સાથે લડતા જ્ઞાની પુરુષો પણ દુઃખના પ્રચારને ગણતા નથી. ૯૧

જેમ વ્યાપારીને વ્યાપાર કરતાં અનેક પ્રકારનું દુઃખ થાય છે, છતાં તેને તે સુખ કરીને માને છે, તેમ મુનિરાજ પણ આત્મસુખની વાંછા કરતા ક્રિયાના કષ્ટોને-દુઃખોને પણ સુખરૂપ માને છે. પરિષહ વગેરેથી ઉત્પન્ન થતાં દુઃખોને પણ સુખરૂપ માને છે. ૯૨

ક્રિયા યોગ અભ્યાસ હે, ફલ હે જ્ઞાન અબંધ;
દોનુંકું જ્ઞાની ભજે, એક-મતિ તે અંધ. ૯૩

ઈચ્છા શાસ્ત્ર સમર્થતા, ત્રિવિધ યોગ હે સાર;
ઈચ્છા નિજ શકતે કરી, વિકલ યોગ વ્યવહાર. ૯૪

શાસ્ત્ર-યોગ ગુન-ઠાણકો, પુરન વિધિ આચાર;
પદ અતીત અનુભવ કહ્યો, યોગ તૃતીય વિચાર. ૯૫

રહે યથા બલ યોગ મેં, ગ્રહે સકલ નય સાર;
ભાવજૈનતા સો લહે, વહે ન મિથ્યાચાર. ૯૬

યોગ અભ્યાસરૂપ ક્રિયા છે અને અબંધ (કર્મબંધનો અભાવ) રૂપ ફળવાળું જ્ઞાન છે. જ્ઞાની પુરુષ જ્ઞાન અને ક્રિયા એ બંનેને સેવે છે. જે એકની મતિવાળો હોય-જ્ઞાન અને ક્રિયામાંથી એકને સેવે અને એકને ન સેવે તે અંધ છે-અજ્ઞાની છે. અર્થાત્ એવો એકાંતવાદી તત્ત્વને પામી શકતો નથી. ૯૩

(૧) ઈચ્છાયોગ (૨) શાસ્ત્રયોગ અને (૩) સામર્થ્યયોગ આ ત્રણે યોગ સારભૂત છે. (જે યોગદૃષ્ટિ સમુચ્ચય આદિ ગ્રન્થોમાં બતાવ્યાં છે.) ઈચ્છાયોગ એટલે પોતાની શક્તિ મુજબ સૂત્રાર્થનું ઈચ્છકપણું હોય પણ ક્રિયા આદિ આચરણ બરાબર શુદ્ધ ન હોય-વિકળ હોય. ૯૪

ગુણઠાણાને યોગ્ય અવિકલ અર્થાત્ પૂર્ણ વિધિ આચારવાળો યોગ હોય તે શાસ્ત્રયોગ કહેવાય છે અને શાસ્ત્રમાં બતાવેલા જે ઉપાયો તેનું અતિક્રમણ કરીને શક્તિના અધિકપણાથી ધર્મવ્યાપારયોગ આદરે તે ત્રીજો સામર્થ્ય નામનો યોગ છે. ૯૫

યથાશક્તિ યોગબળમાં રહી જે સકલ નયનો સાર ગ્રહણ કરે છે. અર્થાત્ મધ્યસ્થપણું ધારણ કરે છે, તે મિથ્યાચારને ઈચ્છતો નથી અને તે જ ભાવજૈનપણું પામે છે. ૯૬

મારગ-અનુસારી ક્રિયા, છેદે સો મતિહીન;
કપટ-ક્રિયા-બલ જગ ઠગે, સો ભી ભવજલ મીન. ૯૭

નિજ નિજ મતમેં લરિ પરે, નયવાદી બહુ રંગ;
ઉદાસીનતા પરિણમે, જ્ઞાનીકું સરવંગ. ૯૮

દોઉ લરે તિહાં ઈક પરે, દેખનમેં દુઃખ નાંહિ;
ઉદાસીનતા સુખ - સદન, પર પ્રવૃત્તિ દુઃખ છાંહિ. ૯૯

ઉદાસીનતા સુરલતા, સમતારસ ફલ ચાખ;
પર-પેખનમેં મત પરે, નિજગુણ નિજમેં રાખ. ૧૦૦

મોક્ષમાર્ગને અનુસરનારી જે જે શુભક્રિયાઓ શાસ્ત્રમાં બતાવવામાં આવી છે, તે શુભક્રિયાઓનો જે છેદ કરે છે, તે જીવ મતિહીન જાણવો. તેમજ કપટક્રિયાના બળથી જે જગતને ઠગે છે, તે પણ સંસાર સમુદ્રમાં મત્સ્યની જેમ પરિભ્રમણ કરે છે. ૯૭

એક એક નયનો વાદ કરનારા પોતપોતાના મતમાં પરસ્પર ખંડન-મંડન કરીને લડી પડે છે. તે નયવાદીઓનો એકબીજાનો ઝઘડો જોઈને જે જ્ઞાની છે તે તો સર્વ રીતિએ ઉદાસીન-મધ્યસ્થભાવમાં લીન રહેં છે. ૯૮

બે વાદીઓ લડે તેમાં એક પડે-હારે ત્યાં મધ્યસ્થભાવે રહીને નિરીક્ષણ કરવામાં દુઃખ નથી પણ તેમાં પ્રવેશ કરી નયવાદથી હઠ-કદાગ્રહ કરવાથી દુઃખ થાય છે. જ્ઞાની આવું નયવાદીઓનું સ્વરૂપ જાણીને ઉદાસીનભાવે રહે છે. તે ઉદાસીનતા એ સુખનું ઘર છે. પરમાં પ્રવૃત્તિ કરવી તે દુઃખની છાયા છે, જ્ઞાની પરમાં પ્રવૃત્તિ કરતો નથી. ૯૯

ઉદાસીનતા એ કલ્પવેલી છે. તેના સમતારસ રૂપ ફળને ચાખો. પોતાના સ્વભાવમાં પોતાના ગુણને પોતામાં રાખી, પર-પદાર્થને જોવામાં પડીશ નહિ. ૧૦૦

ઉદાસીનતા જ્ઞાન-ફલ, પર-પ્રવૃત્તિ હૈ મોહ;
શુભ જાનો સો આદરો, ઉદિત વિવેક-પ્રરોહ. ૧૦૧

દોધક શતકે ઉદ્ધર્યું, તંત્ર સમાધિ વિચાર;
ધરો એહ બુધ ! કંઠમેં, ભાવરતનકો હાર. ૧૦૨

જ્ઞાન વિમાન ચારિત્ર પવિ, નંદન સહજસમાધિ;
મુનિ સુરપતિ સમતા શચી, રંગે રમે અગાધિ. ૧૦૩

કવિ જશવિજયે એ રચ્યો, દોધક શતક-પ્રમાણ;
એહ ભાવ જો મન ધરે, સો પાવે કલ્યાણ. ૧૦૪

ઉદાસીનતા એ જ્ઞાનનું ફળ છે, અને પરમાં પ્રવૃત્તિ કરવી એ મોહ છે. જેને વિવેકનો અંકુરો ઉગ્યો છે, એવા હે ભવ્ય જીવો ! જે સારું લાગે તેનો આદર - કરો. ૧૦૧

આ સમાધિના વિચારરૂપી તંત્ર સો દોધકછંદથી ઉદ્ધર્યો-બનાવ્યો હે પંડિતપુરુષો ! ભાવરત્નોનો આ હાર કંઠમાં ધારણ કરો. ૧૦૨

જ્ઞાનરૂપ વિમાનમાં મુનિરૂપી ઈંદ્ર બેસે છે, હાથમાં ચારિત્રરૂપી વજ્ર ધારણ કરે છે. સહજસમાધિરૂપી નંદનવનમાં તે મુનિરૂપી ઈંદ્ર સમતારૂપી ઈંદ્રાણી સાથે અગાધ આનંદ કરે છે. ૧૦૩

કવિ યશોવિજયે (ઉપાધ્યાયજી મ.) દોધકછંદમાં સો શ્લોક પ્રમાણ આ ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથનો ભાવ જે મનમાં ધારણ કરશે તે કલ્યાણને પામશે. ૧૦૪

# ગુરુબહુમાનકુલક

નમિઉં ગુરુપયપઉમં, ધમ્માયરિયસ્સ નિયયસીસેહિં ।
જહ બહુમાણો જુજ્જઈ, કાઉમહં તહ પયંપેમિ ॥૧॥

ગુરુણો નાણાઈજુયા, મહણિજ્જા સયલભુવણમજ્ઝંમિ।
કિં પુણ નિયસીસાણં, આસન્નુવયારહેઉહિં ? ॥૨॥

ગરુયગુણેહિં સીસો, અહિઓ ગુરુણો હવિજ્જ જઈ કહવિ।
તહવિ હુ આણા સીસે, સીસેહિં તસ્સ ધરિયવ્વા ॥૩॥

જઈ કુણઈ ઉગ્ગદંડં, રુસઈ લહુણવિ વિણયભંગંમિ ।
ચોયઈ ફરુસગિરાએ, તાડઈ દંડેણ જઈ કહવિ ॥૪॥

અપ્પસુએવિ સુહેસી, હવઈ મણાગં પમાયસીલોવિ ।
તહવિ હુ સો સીસેહિં, પૂઈજ્જઈ દેવયં વ ગુરુ ॥૫॥
સોચ્ચિય સીસો સીસો, જો નાઉં ઈંગિયં ગુરુજણસ્સ ।
વટ્ટઈ કજ્જમ્મિ સયા, સેસો ભિચ્ચો વયણકારી ॥૬॥

ગુરુ મહારાજના ચરણકમળને નમસ્કાર કરીને પોતાનાં શિષ્યોએ ધર્માચાર્યોનું (ગુરુઓનું) બહુમાન જે રીતે કરવું જોઈએ તે બતાવું છું.

જ્ઞાનાદિ ગુણયુક્ત ગુરુ તો સકલ પૃથ્વીમાં પૂજનીય છે તો પછી પોતાના ગુરુ તો નિકટના ઉપકારી હોવાથી શિષ્યોને અતિશય પૂજનીય છે.

ગુરુ કરતાં શિષ્યમાં વિશિષ્ટ ગુણો હોવા છતાં શિષ્યએ ગુરુની આજ્ઞાને મસ્તક પર ધારણ કરવી જોઈએ અને ગુરુ પ્રત્યે બહુમાનભાવ રાખવો જોઈએ.

ગુરુના વિનયમાં ભૂલ થતાં ગુરુ જો ગુસ્સે થાય, ઉગ્ર દંડ કરે, કર્કશ વાણીથી ઠપકો આપે, કદાચ લાકડીથી મારે તો પણ ગુરુને ભગવાનની જેમ શિષ્યો પૂજે.

ગુરુ થોડુ જ ભણેલા હોય, સુખશીલિયા હોય, પ્રમાદી હોય તો પણ શિષ્યો ગુરુને ભગવાનની જેમ પૂજે.

તે જ શિષ્ય સાચો શિષ્ય છે જે ગુરૂના ઈંગિતને (મનોભાવને) જાણીને સદા કાર્ય કરે છે. બાકી નોકર પણ વચન મુજબ કાર્ય કરનારો હોય છે.

જસ્સ ગુરુમ્મિ ન ભત્તિ, નિવસઈ હિયયંમિ વજ્જરેહવ્વ।
કિં તસ્સ જીવિએણં ? વિડંબણામેત્તરુવેણં ॥૭॥
પચ્ચક્ખમહ પરોક્ખં, અવન્નવાયં ગુરુણ જો કુજ્જા।
જમ્મંતરેવિ દુલહં, જિણિંદવયણં પુણો તસ્સ ॥૮॥
જા કાઓ રિદ્ધીઓ, હવંતિ સીસાણ એત્થ સંસારે ।
ગુરુભત્તિપાયવાઓ, પુપ્ફસમાઓ ફુડં તાઓ ॥૯॥
જલપાણદાયગસ્સ વિ, ઉવયારો ન તીરએ કાઉં ।
કિં પુણ ભવન્નવાઓ, જો તારઈ તસ્સ સુહગુરુણો ॥૧૦॥

ગુરુપાયરંજણત્થં, જો સીસો ભણઈ વયણમેત્તેણં ।
મહ જીવિયંપિ એયં, જં ભત્તિ તુમ્હ પયમૂલે ॥૧૧॥

એયં કહં કહંતો, ન સરઈ મૂઢો ઈમંપિ દિટ્ઠંતં ।
સાહેઈ અંગણં ચિય, ઘરસ્સ અબ્ભિંતરં લચ્છિં ॥૧૨॥

એસાચ્ચિય પરમકલા, એસો ધમ્મો ઈમં પરં તત્તં ।
ગુરુમાણસમણુકલં, જં કિજ્જઈ સીસવગ્ગેણં ॥૧૩॥
જુત્તં ચિય ગુરુવયણં, અહવ અજુત્તં ય હોજ્જ દઈવાઓ।
તહવિ હુ એયં તિત્થં, જં હુજ્જા તં પિ કલ્લાણં ॥૧૪॥

હૃદયમાં વજ્રની રેખાની જેમ જેઓની ગુરુ પ્રત્યે ભક્તિ હોતી નથી, વિડંબણા માત્ર રૂપ તેના જીવવાથી શું?

જેઓ ગુરૂની નિંદા પ્રત્યક્ષ કે પરોક્ષ કરે છે તેઓને બીજા ભવમાં જિનેશ્વર ભગવાનનું વચન દુર્લભ છે.

આ સંસારમાં શિષ્યોની જે કાંઈ રિદ્ધિઓ છે તે સ્પષ્ટપણે ગુરુભક્તિ રૂપી વૃક્ષનાં પુષ્પ સમાન છે.

જો પાણી પીવડાવનારનાં પણ ઉપકારનો બદલો વળી શકતો નથી તો પછી જે સંસારરૂપી સમુદ્રમાંથી તારે છે તે ગુરૂના ઉપકારનો બદલો શી રીતે વળી શકે?

ગુરુના ચરણરંજન કરવા માટે જે શિષ્ય વચન માત્રથી (હૃદયથી નહીં) કહે છે કે તમારા ચરણકમળની ભક્તિ એ જ મારું જીવન છે.

આવી વાત કરતાં મૂર્ખને એ ખબર નથી કે આંગણા પરથી જેમ ઘરની લક્ષ્મી જણાય છે એમ તારા વચનના પ્રલાપ માત્રથી તારા હૃદયમાં ભક્તિ છે કે નહિં તે જણાય છે.

શિષ્ય વર્ગ વડે ગુરુના મનને અનુકૂળ જે કરાય છે એ જ સર્વશ્રેષ્ઠ કલા છે, એ જ ધર્મ છે, એ જ પરમતત્ત્વ છે.

ગુરુનું વચન યોગ્ય હોય કે ભાગ્યયોગે અયોગ્ય હોય, તો પણ એ તીર્થ છે. જે થશે તે પણ કલ્યાણ જ થશે. (ગુરુના અયોગ્ય વચનથી પણ સારું જ થશે.)

કિં તાએ રિદ્ધીએ, ચોરસ્સ વ વજ્ઝમંડણસમાએ ?
ગુરુયણમણં વિરાહિય, જં સીસા કહવિ વંછંતિ ॥૧૫॥

કંડયણનિટ્ઠીવણઉસાસ, પામોક્ખમઈલહુયકજ્જં ।
બહુવેલાએ પુચ્છિય, અન્નં પુચ્છેજ્જ પત્તેયં ॥૧૬॥

મા પુણ એગં પુચ્છિય, કુજ્જા દો તિન્નિ અવરકિચ્ચાઇં।
લહુએસુવિ કજ્જેસું, એસા મેરા સુસાહૂણં ॥૧૭॥

કાઉં ગુરુંપિ કજ્જં, ન કહંતિ ય પુચ્છિયા વિ ગોવિંતિ।
જે ઉણ એરિસચરિયા, ગુરુકુલવાસેણ કિં તાણં ? ॥૧૮॥

જોગ્ગાજોગ્ગસરૂવં, નાઉં કેણાવિ કારણવસેણં ।
સમ્માણાઈવિસેસં, ગુરુણો દંસંતિ સીસાણં ॥૧૯॥

એસો સયાવિ મગ્ગો, એગસહાવા ન હુંતિ જં સીસા ।
ઈય જાણિય પરમત્થં, ગુરુમ્મિ ખેઓ ન કાયવ્વો ॥૨૦॥

ગુરુજનના મનની વિરાધના કરીને શિષ્યો જે રિદ્ધિને ઈચ્છે છે, ફાંસીની સજા પામેલા ચોરના આભૂષણ જેવી તે રિદ્ધિથી શું?

શરીરને ખણવાનું, બળખા વગેરે કાઢવાના તથા શ્વાસોચ્છવાસ વિગેરે વારંવાર કરાતા અતિ લઘુકાર્યોની બહુવેલથી (બહુવેલ સંદિસાહુ, બહુવેલ કરશું ના આદેશથી) પૂછીને કરવું. તથા અન્ય દરેક કાર્યમાં ગુરુને પૂછીને કરવું.

(હજી આમાં અણસમજણ ન થાય તે માટે વધુ સ્પષ્ટ કરે છે) એક કામનું ગુરુને પૂછીને બીજા બે-ત્રણ કામ કરવા નહિં. નાના કાર્યોમાં પણ સુશિષ્યોની આ મર્યાદા છે.

મોટું પણ કાર્ય કરીને ગુરુને કહે નહીં, પૂછે તો અપલાપ કરે. આવા આચરણવાળા જે છે તેમને ગુરુકુલવાસથી શું?

શિષ્યોનું યોગ્ય અયોગ્ય સ્વરૂપ જાણીને કોઈપણ કારણવશ ગુરુઓ શિષ્યોને સન્માનાદિ વિશેષ (ઓછું વત્તુ) પણ બતાવે છે.

આ સદા માર્ગ છે કે શિષ્યો સદા એક સ્વભાવવાળા નથી હોતા. આ પરમાર્થને જાણીને ગુરુ વિષે જરા પણ ખેદ ન કરવો.

મા ચિંતહ પુણ એયં, કિંપિ વિસેસં ન પેચ્છિમો અમ્હે।
રત્તા મૂઢા ગુરુણો, અસમત્થા એત્થ કિં કુણિમો ॥૨૧॥

રયણપરિક્ખગમેગં, મુત્તું સમકંતિવન્નરયણાણં ।
કિં જાણંતિ વિસેસં ? મિલિયા સવ્વેવિ ગામિલ્લા ॥૨૨॥

એયં ચિય જાણમાણા, તે સીસા સાહયંતિ પરલોયં ।
અવરે ઉયરં ભરિઉં, કાલં વોલિંતિ મહિવલએ ॥૨૩॥
એયંપિ હુ મા જંપહ, ગુરુણો દીસંતિ તારિસા નેવ ।
જે મજ્ઝત્થા હોઉં, જહટ્ઠિયવત્થું વિયારંતિ ॥૨૪॥
સમયાણુસારિણો જે, ગુરુણો તે ગોયમં વ સેવેજ્જા ।
મા ચિંતહ કુવિકપ્પં, જઈ ઈચ્છહ સાહિઉં મોક્ખં ॥૨૫॥

વક્કજડા અહ સીસા, કે વિ હુ ચિંતંતિ કિંપિ અઘડંતં ।
તહવિ હુ નિયકમ્માણં, દોસં દેજ્જા નહુ ગુરુણં ॥૨૬॥

ચક્કિત્તં ઈંદત્તં, ગણહરઅરહંતપમુહચારુપયં ।
મણવંછિયમવરંપિ હુ, જાયઈ ગુરુભત્તિજુત્તાણં ॥૨૭॥

ક્યારેય એવું ન વિચારવું કે અમે કંઈ વિશેષતા જોતા નથી. ગુરુ રક્ત, મૂઢ અને અસમર્થ છે તો અમે શું કરીએ ?

સમાન કાંતિ અને વર્ણવાળા રત્નો વિષે એક રત્નપરીક્ષક સિવાય બીજા ગમે તેટલા ગ્રામિણજનો મળે તો પણ શું વિશેષતાને જાણે?

આવી રીતે ગુરુને જાણનારા શિષ્યો પરલોકને સાધે છે, બાકીના પેટ ભરીને પૃથ્વી ઉપર કાળ પસાર કરે છે.

એવું પણ બોલશો નહિં કે તેવા ગુરુઓ દેખાતા નથી, જેઓ મધ્યસ્થ થઈને યથાવસ્થિત વસ્તુને વિચારે છે.

સમયાનુસાર જે ગુરુઓ છે તેમને ગૌતમની જેમ સેવ (તેમની ગૌતમસ્વામીની જેમ સેવા કર) જો મોક્ષને સાધવાની ઈચ્છા હોય તો કોઈપણ પ્રકારના કુવિકલ્પને કરીશ નહિં.

વક્ર અને જડ એવા શિષ્યો કેટલાક અઘટિત વિચાર કરે છે તો પણ સ્વકર્મનો દોષ વિચારવો. ગુરુને દોષ દેવો નહિં.

ચક્રવર્તિપણું, ઈંદ્રપણું, ગણધરપણું, અરિહંતપણું, વિગેરે સુંદર સંપદા અને બીજું પણ મનવાંછિત ગુરુભક્તિ યુક્ત જીવોને પ્રાપ્ત થાય છે.

આરાહણાઓ ગુરુણો, અવરં ન હુ કિંપિ અત્થિ ઇહ અમિયં।
તસ્સ ય વિરાહણાઓ, બીયં હલાહલં નત્થિ ॥૨૮॥
એયંપિ હુ સોઉણં, ગુરુભત્તિ નેવ નિમ્મલા જસ્સ ।
ભવિયવ્વયા પમાણં, કિં ભણિમો તસ્સ પુણ અન્નં? ।૨૯।

સાહૂણ સાહૂણીણં, સાવયસડ્ઢીણ એસ ઉવએસો ।
દુણ્હં લોગાણ હિઓ, ભણિઓ સંખેવઓ એત્થ ॥૩૦॥
પરલોયલાલસેણં, કિં વા ઈહલોયમત્તસરણેણં ।
હિયએણ અહવ રોહા, જહ તહ વા ઈત્થ સીસેણં ॥૩૧॥
જેણ ન અપ્પા ઠવિઓ, નિયગુરુમણપંકયમ્મિ ભમરોવ્વ।
કિં તસ્સ જીવિએણં ? જમ્મેણં અહવ દિક્ખાએ ? ॥૩૨॥

જુત્તાજુત્તવિયારો, ગુરુઆણ્ણાએ ન જુજ્જએ કાઉં ।
દઈવાઓ મંગુલં પુણ, જઈ હુજ્જા તંપિ કલ્લાણં ॥૩૩॥

સિરિધમ્મસૂરિપહૂણો, નિમ્મલકિત્તીએ ભરિયભુવણસ્સ।
સિરિરયણસિંહસૂરી, સીસો એવં પયંપેઈ ॥૩૪॥

ગુરુની આરાધના જેવું બીજું કંઈ અમૃત નથી અને તેમની વિરાધના જેવું બીજું કોઈ હલાહલ ઝેર નથી.

આ સાંભળીને પણ જેને નિર્મળ ગુરુભક્તિ થતી નથી તેને માટે ભવિતવ્યતા જ પ્રમાણ છે, તેને વિષે બીજું શું કહીએ?

સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓને ઉભયલોકને હિત કરનાર ઉપદેશ અહીં સંક્ષેપમાં કહ્યો છે.

પરલોકની ઈચ્છાથી અથવા આલોકમાં એકમાત્ર ગુરુ જ શરણ છે એવા ભાવથી હ્રદયના બહુમાનથી અથવા પરાણે, ટુંકમાં ગમે તે રીતે પણ જે શિષ્યએ પોતાનાં ગુરુના મનરૂપી કમળને વિષે ભમરાની જેમ પોતાના આત્માને સ્થાપન કર્યો નથી તેના જીવવાથી, જન્મથી કે દીક્ષાથી શું?

ગુરુની આજ્ઞાને વિષે યોગ્ય અયોગ્ય વિચારો કરવા યોગ્ય નથી. કદાચ ખરાબ આજ્ઞા હશે તો પણ તેનાથી કલ્યાણ થશે.

જેમની નિર્મળ કીર્તિથી સારું વિશ્વ ભરાઈ ગયું છે તેવા શ્રી ધર્મસૂરિપ્રભુના શ્રીરત્નસિંહસૂરિ નામના શિષ્ય આ પ્રકારે કહે છે.

# હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા

શબ્દાદિપંચવિષયેષુ વિચેતનેષુ,
યોઽન્તર્ગતો હૃદિ વિવેકકલાં વ્યનક્તિ ।
યસ્માદ્ ભવાન્તરગતાન્યપિ ચેષ્ટિતાનિ,
પ્રાદુર્ભવન્ત્યનુભવં તમિમં ભજેથાઃ ॥૧।
જાનન્તિ કેચિન્ન તુ કર્તુમીશાઃ,
કર્તું ક્ષમા યે ન ચ તે વિદન્તિ ।
જાનન્તિ તત્ત્વં પ્રભવન્તિ કર્તું,
તે કેપિ લોકે વિરલા ભવન્તિ ॥ ૨ ॥
સમ્યગ્ વિરક્તિર્નનુ યસ્ય ચિત્તે,
સમ્યગ્ ગુરુર્યસ્ય ચ તત્ત્વવેત્તા ।
સદાઽનુભૂત્યા દૃઢનિશ્ચયો યઃ,
તસ્યૈવ સિદ્ધિ ર્નહિ ચાપરસ્ય ॥૩॥
વિગ્રહં કૃમિનિકાયસંકુલં,
દુઃખદં હૃદિ વિવેચયન્તિ યે ।
ગુપ્તિબન્ધમિવ ચેતનં હિ તે,
મોચયન્તિ તનુયન્ત્રયન્ત્રિતમ્ ॥૪॥

શબ્દાદિ પાંચ જડ વિષયોના વ્યાપાર વખતે પણ અંદર રહેલ જે આત્મા તે વ્યાપારથી પોતાની ભિન્નતાને જેના વડે અનુભવે છે અને જન્માન્તરોમાં થયેલાં કાર્યો પણ જેના વડે યાદ આવે છે તે અનુભવને તમે ભજો !

કેટલાક સાધકો સાધનાતત્ત્વને જાણે છે. પણ સાધના કરવા માટે તેઓ સક્ષમ નથી. જેઓ સાધના કરવા માટે સક્ષમ છે, તેઓ સાધનાને જાણતા નથી. તત્ત્વને જાણનાર અને સાધના કરનાર વ્યક્તિત્વો વિરલ હોય છે.

જે સાધકના ચિત્તમાં પ્રબળ વૈરાગ્ય છે, તત્ત્વવેત્તા ગુરુની પ્રાપ્તિ જેને થઈ છે અને જે અનુભૂતિમૂલક દૃઢ નિશ્ચયવાળો છે તેને જ સિદ્ધિ મળે છે. બીજાને નહિ.

કૃમિ-જન્તુઓથી ખદબદતું આ શરીર જે સાધકોને દુ:ખદાયી લાગે છે, તેઓ પોતાના નિર્મળ-આત્મ સ્વરૂપને શરીરની કેદમાંથી મુક્ત કરે છે.

ભોગાર્થમેતદ્ ભવિનાં શરીરં,
જ્ઞાનાર્થમેતત્ કિલ યોગિનાં વૈ ।
જાતા વિષં ચેદ્ વિષયા હિ સમ્યગ્-
જ્ઞાનાત્તતઃ કિં કુણપસ્ય પુષ્ટ્યા ॥૫॥
ત્વઙ્માંસમેદોઽસ્થિપુરીષમૂત્ર-
પૂર્ણેઽનુરાગઃ કુણપે કથં તે ? ।
દ્રષ્ટા ચ વક્તા ચ વિવેકરૂપ-
સ્ત્વમેવ સાક્ષાત્ કિમુ મુહ્યસીત્થમ્ ॥૬॥
ધનં ન કેષાં નિધનં ગતં વૈ,
દરિદ્રિણઃ કે ધનિનો ન દૃષ્ટાઃ ।
દુઃખૈકહેતૌ વિભવેઽતિતૃષ્ણાં,
ત્યક્ત્વા સુખી સ્યાદિતિ મે વિચારઃ ॥૭॥
સંસારદુઃખાન્ન પરોઽસ્તિ રોગઃ,
સમ્યગ્ વિચારાત્ પરમૌષધં ન ।
તદ્રોગદુઃખસ્ય વિનાશનાય,
સચ્છાસ્ત્રતોયં ક્રિયતે વિચારઃ ॥૮॥
અનિત્યતાયા યદિ ચેત્ પ્રતીતિ-
સ્તત્ત્વસ્ય નિષ્ઠા ચ ગુરુપ્રસાદાત્ ।
સુખી હિ સર્વત્ર જને વને ચ,
નો ચેદ્ વને ચાથ જનેષુ દુઃખી ॥૯॥

સંસારી આત્માઓ માટે શરીર ભોગનું સાધન છે. યોગીઓ માટે તે જ્ઞાનનું સાધન છે.

સમ્યગ્જ્ઞાન વડે જ્યારે વિષયોને વિષ જેવા જાણ્યા છે, ત્યારે શરીરની પુષ્ટિ વડે શું ?

ચામડી, માંસ, મેદ, હાડકા, ઝાડો, પેસાબ આદિથી પરિપૂર્ણ શરીરમાં તને (સાધકને) અનુરાગ કેમ હોઈ શકે?

તું જ દ્રષ્ટા છે અને વક્તા છે. વિવેકપૂર્ણ તું છે. તું શા માટે પરમાં મુંઝાય ?

ધન કોનું નષ્ટ નથી થયું ? અને ધનિકોને દરિદ્ર થતાં કોણે નથી જોયા ? દુઃખના એક હેતુ રૂપ ધનમાં અતિ તૃષ્ણાને છોડીને તું સુખી થા (હે સાધક !) એવો મારો વિચાર છે.

સંસારના દુઃખો કરતાં ચઢિયાતો કોઈ રોગ નથી અને સમ્યગ્ વિચાર કરતાં શ્રેષ્ઠ કોઈ ઔષધ નથી. તેથી સંસાર રૂપી રોગ અને દુઃખના વિનાશ માટે સમ્યગ્ શાસ્ત્રવડે વિચાર કરાય છે.

અનિત્યતાની જો પ્રતીતિ છે અને તત્ત્વની નિષ્ઠા ગુરુપ્રસાદથી મળેલ છે; તો સાધક ગામમાં ને જંગલમાં સુખી છે... નહિતર, ક્યાંય સુખી તે ન રહી શકે.

મોહાન્ધકારે ભ્રમતીહ તાવત્,
સંસારદુઃખૈશ્ચ કદર્થ્યમાનઃ ।
યાવદ્ વિવેકાર્કમહોદયેન,
યથાસ્થિતં પશ્યતિ નાત્મરૂપમ્ ॥૧૦॥
અર્થો હ્યનર્થો બહુધા મતોઽયમ્,
સ્ત્રીણાં ચરિત્રાણિ શવોપમાનિ ।
વિષેણ તુલ્યા વિષયાશ્ચ તેષાં,
યેષાં હૃદિ સ્વાત્મલયાનુભૂતિઃ ॥૧૧॥
કાર્યં ચ કિં તે પરદોષદૃષ્ટ્યા,
કાર્યં ચ કિં તે પરચિન્તયા ચ ।
વૃથા કથં ખિદ્યસિ બાલબુદ્ધે !
કુરુ સ્વકાર્યં ત્યજ સર્વમન્યત્ ॥૧૨॥
યસ્મિન્ કૃતે કર્મણિ સૌખ્યલેશો,
દુઃખાનુબન્ધસ્ય તથાસ્તિ નાન્તઃ ।
મનોઽભિતાપો મરણં હિ યાવત્,
મૂર્ખોઽપિ કુર્યાત્ ખલુ તન્ન કર્મ ॥૧૩॥
યદર્જિતં વૈ વયસાઽખિલેન,
ધ્યાનં તપો જ્ઞાનમુખં ચ સત્યમ્ ।
ક્ષણેન સર્વં પ્રદહત્યહો ! તત્,
કામો બલી પ્રાપ્ય છલં યતીનામ્ ॥૧૪॥

સંસારના દુઃખોથી પીડિત વ્યક્તિ મોહના અંધકારમાં ત્યાં સુધી ભમે છે, જ્યાં સુધી વિવેક રૂપી સૂર્યના ઉદય વડે યથાસ્થિત આત્મરૂપને તે ન જુએ.

તેમને ધન નકામું લાગે, કામ મૃત્યુ સમ દેખાય. બધી જ ઇન્દ્રિયોના વિષયો તેમને વિષ જેવા લાગે... કોને ? જેમના હૃદયમાં સ્વાત્મલયાનુભૂતિ થઈ છે તેમને.

તારે પરદોષદર્શનનું શું કામ છે કે પરની ચિન્તા વડે તારે શું ?

તું શા માટે નાહકનો પરેશાન થાય છે ? તારું કામ તું કર. બીજું બધું છોડી દે !

જે કાર્ય કરવામાં સુખનો અંશ માત્ર છે અને દુઃખોની પરંપરાનો અંત નથી; મનની પીડા અને મરણ પણ છે, તેવું કાર્ય મૂર્ખ પણ ન કરે.

સાધકે સંપૂર્ણ જીંદગીને ધ્યાન, તપ અને જ્ઞાન અને સત્યમાં ઓતપ્રોત કરી છે...

પણ...બળવાન્ કામ સાધકોની સાધનાની હોડીમાં કાણું પાડીને તેની સાધનાની નાવને ડૂબાડી દે છે.

બલાદસૌ મોહરિપુર્જનાનાં,
જ્ઞાનં વિવેકં ચ નિરાકરોતિ ।
મોહાભિભૂતં હિ જગદ્ વિનષ્ટં,
તત્ત્વાવબોધાદપયાતિ મોહઃ ॥૧૫॥
સર્વત્ર સર્વસ્ય સદા પ્રવૃત્તિ-
ર્દુઃખસ્ય નાશાય સુખસ્ય હેતોઃ ।
તથાપિ દુઃખં ન વિનાશમેતિ,
સુખં ન કસ્યાપિ ભજેત્ સ્થિરત્વમ્ ॥૧૬॥
યત્ કૃત્રિમં વૈષયિકાદિ સૌખ્યં,
ભ્રમન્ ભવે કો ન લભેત મર્ત્યઃ ।
સર્વેષુ તચ્ચાધમમધ્યમેષુ,
યદ્ દૃશ્યતે તત્ર કિમદ્ભુતં ચ ॥૧૭॥
ક્ષુધાતૃષાકામવિકારરોષ-
હેતુશ્ચ તદ્ ભેષજવદ્ વદન્તિ ।
તદસ્વતન્ત્રં ક્ષણિકં પ્રયાસકૃત્,
યતીશ્વરા દૂરતરં ત્યજન્તિ ॥૧૮॥

મોહ લોકોના જ્ઞાન અને વિવેકને બળપૂર્વક નષ્ટ કરે છે. મોહથી પરાજિત થયેલું જગત વિનષ્ટ થયેલું છે. પણ તત્ત્વજ્ઞાન દ્વારા એ મોહ નષ્ટ થાય છે.

બધે જ, બધાની પ્રવૃત્તિ દુઃખના નાશ માટે અને સુખ માટે હોય છે. તો પણ દુઃખ નષ્ટ થતું નથી અને સુખ કોઈને પણ સ્થિર રહેતું નથી.

કૃત્રિમ વિષય સુખોને ક્યોં સંસારી માણસ નથી મેળવતો ? તે સુખોમાં નવીનતા શું છે ? નીચી કક્ષાના કે મધ્યમ કક્ષાના લોકો પણ તે મેળવે છે.

ભૂખ, તરસ, કામ વિકાર અને રોષ આ બધાની શાન્તિ શેનાથી થાય ? અન્નથી ભૂખ, જળથી તરસ મટે છે? સામાન્ય લોકો અન્નવગેરે ક્ષુધાદિની તૃપ્તિના ઉપાયોને ઔષધ જેવા કહે છે.

પણ... ના, એ તો પરાધીન ઉપાય છે. એ ક્ષણિક પણ છે અને આયાસ-જન્ય છે. મુનિઓ દૂરથી જ આવા ઉપાયોને છોડી દે છે.

ગૃહીતલિંગસ્ય ચ ચેદ્ ધનાશા,
ગૃહીતલિંગો વિષયાભિલાષી ।
ગૃહીતલિંગો રસલોલુપશ્ચેદ્,
વિડમ્બનં નાસ્તિ તતોઽધિકં હિ ॥૧૯॥
યે લુબ્ધચિત્તા વિષયાર્થભોગે,
બહિર્વિરાગા હૃદિ બદ્ધરાગાઃ ।
તે દાંભિકા વેષધરાશ્ચ ધૂર્તાઃ,
મનાંસિ લોકસ્ય તુ રઞ્જયન્તિ ॥૨૦॥
મુગ્ધશ્ચ લોકોઽપિ હિ યત્ર માર્ગે,
નિવેશિતસ્તત્ર રતિં કરોતિ ।
ધૂર્તસ્ય વાક્યૈઃ પરિમોહિતાનાં,
કેષાં ન ચિત્તં ભ્રમતીહ લોકે ? ॥૨૧॥
યે નિઃસ્પૃહાસ્ત્યક્તસમસ્તરાગા-
સ્તત્ત્વૈકનિષ્ઠા ગલિતાભિમાનાઃ ।
સન્તોષપોષૈકવિલીનવાઞ્છા-
સ્તે રઞ્જયન્તિ સ્વમનો ન લોકમ્ ॥૨૨॥
તાવદ્વિવાદી જનરંજકશ્ચ,
યાવન્ન ચૈવાત્મરસે સુખજ્ઞઃ ।
ચિન્તામણિં પ્રાપ્ય વરં હિ લોકે,
જને જને કઃ કથયન્ પ્રયાતિ ? ॥૨૩॥

વેષધારી મુનિને જો ધનની ઈચ્છા હોય, વિષયોની અભિલાષા હોય કે તેને રસ લોલુપતા હોય તો આનાથી મોટી વિડંબના કઈ હોઈ શકે ?

જેઓ વિષયોના ભોગમાં મોહ પામેલા હોય અને એ કારણે બહારથી વૈરાગ્યનો આંચળો ઓઢીને હૃદયમાં રાગને રાખી રહેલા તે દાંભિકો વેષધારી અને ધૂર્ત છે અને તેઓ લોકોના મનને પ્રભાવિત કર્યા કરે છે.

ભોળા લોકો જે માર્ગમાં રહેલા હોય છે, એ માર્ગ પર આદર કરે છે. ધૂર્તના વાક્યો વડે મુગ્ધ બનેલા આવા લોકોનું ચિત્ત ભમી જાય છે. (અને શુદ્ધ માર્ગ તરફ એ લોકો જઈ શકતા નથી.)

જે નિઃસ્પૃહ, વિરાગી, તત્ત્વૈકનિષ્ઠ અને નિરભિમાની તથા સંતોષી છે, તેઓ લોકને નહિ પણ પોતાના મનને પ્રસન્ન બનાવે છે.

ત્યાં સુધી જ વિવાદ અને લોકરંજન હોય છે, જ્યાં સુધી આત્મરસની અનુભૂતિ નથી હોતી. ચિન્તામણિ મળ્યા પછી કોણ બધાને બતાવતો ફરે ?

ષણ્ણાં વિરોધોડપિ ચ દર્શનાનાં,
તથૈવ તેષાં શતશશ્ચ ભેદાઃ ।
નાનાપથે સર્વજનઃ પ્રવૃત્તઃ,
કો લોકમારાધયિતું સમર્થઃ ? ॥૨૪॥

તદેવ રાજ્યં હિ ધનં તદેવ,
તપસ્તદેવેહ કલા ચ સૈવ ।
સ્વસ્થે ભવેચ્છીતલતાશયે ચેદ્,
નો ચેદ્ વૃથા સર્વમિદં હિ મન્યે ॥૨૫॥
રુષ્ટૈર્જનૈઃ કિં યદિ ચિત્તશાન્તિ-
સ્તુષ્ટૈર્જનૈઃ કિં યદિ ચિત્તતાપઃ ।
પ્રીણાતિ નો નૈવ દુનોતિ ચાન્યાન્,
સ્વસ્થઃ સદોદાસપરો હિ યોગી ॥૨૬॥
એકઃ પાપાત્ પતતિ નરકે, યાતિ પુણ્યાત્ સ્વરેકઃ,
પુણ્યાપુણ્યપ્રચયવિગમાત્ મોક્ષમેકઃ પ્રયાતિ ।
સંગાન્નૂનં ન ભવતિ સુખમ્, ન દ્વિતીયેન કાર્યમ્,
તસ્માદેકો વિચરતિ સદાનન્દસૌખ્યેન પૂર્ણઃ ॥૨૭॥

ભારતીય દાર્શનિક પરંપરામાં છ દર્શનો છે. અને એમાં એક એક દર્શનના સેંકડો પેટાભેદો હોય છે... ઘણા ઘણા સાધકો કોઈને કોઈ પેટા શાખામાં કે પ્રશાખામાં હોય છે... હવે ભિન્ન ભિન્ન વિચારધારાઓમાં રહેલા લોકોને કઇ રીતે ખુશ કરવા ?

લોકરંજનનો કોઈ અર્થ નથી...

તે જ રાજ્ય, ધન, તપ અને કળા છે, જેના વડે સ્વસ્થ હૃદયમાં શીતળતા - ઠંડક મળે. અને જો એ ન મળે તો બધું જ નિરર્થક છે.

ચિત્તમાં શાન્તિ હોય તો લોકો ગુસ્સે થયા તોય શું અને જો ચિત્તમાં ઉકળાટ હોય તો લોકો ખુશ થયા તોય શું ? ઉદાસીન, સ્વસ્થ યોગી નથી બીજાને ખુશ કરતો, નથી બીજાને દુભવતો.

કોઈ પાપથી નરકમાં પડે છે, કોઈ પુણ્યથી સ્વર્ગમાં જાય છે; પુણ્ય અને પાપના વિલયથી કોઈ મોક્ષમાં જાય છે. સંગથી સુખ ન મળે, બીજાનું કંઇ કામ નથી, તેથી સાધક આનન્દપૂર્ણ રીતે વિચરે.

ત્રૈલોક્યમેતદ્ બહુભિર્જિતં યૈ-
ર્મનોજયે તેઽપિ યતો ન શક્તાઃ ।
મનોજયસ્યાત્ર પુરો હિ તસ્માત્,
તૃણં ત્રિલોકીવિજયં વદન્તિ ॥૨૮॥
મનોલયાન્નાસ્તિ પરો હિ યોગો,
જ્ઞાનં તુ તત્ત્વાર્થવિચારણાચ્ચ ।
સમાધિસૌખ્યાન્ન પરં ચ સૌખ્યમ્,
સંસારસારં ત્રયમેતદેવ ॥૨૯॥
યાઃ સિદ્ધયોઽષ્ટાવપિ દુર્લભા યે,
રસાયનં ચાઞ્જનધાતુવાદાઃ,
ધ્યાનાનિ મન્ત્રાશ્ચ સમાધિયોગા,
શ્ચિત્તેઽપ્રસન્ને વિષવદ્ ભવન્તિ ॥૩૦॥
વિદન્તિ તત્ત્વં ન યથાસ્થિતં વૈ,
સંકલ્પચિન્તા- વિષયાકુલા યે ।
સંસારદુઃખૈશ્ચ કદર્થિતાનાં,
સ્વપ્નેઽપિ તેષાં ન સમાધિસૌખ્યમ્ ॥૩૧॥
શ્લોકો વરં પરમતત્ત્વપથપ્રકાશી,
ન ગ્રન્થકોટિપઠનં જનરંજનાય ।
સંજીવનીતિ વરમૌષધમેકમેવ,
વ્યર્થશ્રમપ્રજનનો ન તુ મૂલભારઃ ॥૩૨॥

જે લોકોએ ત્રણ ખંડને કે છ ખંડને જીત્યા તે સમ્રાટો પણ મનોવિજય કરી શક્યા નથી.

એથી જ મનોવિજયની સામે ત્રિલોકના વિજયને તણખલા જેવો (શાસ્ત્રકારો) કહે છે.

મનોલયથી શ્રેષ્ઠ કોઈ યોગ નથી, તત્ત્વાર્થ વિચારણાથી ચઢિયાતું કોઈ જ્ઞાન નથી, સમાધિ સુખથી શ્રેષ્ઠ કોઈ સુખ નથી, સંસારમાં શ્રેષ્ઠ આ ત્રણ તત્ત્વો છે.

દુર્લભ કહેવાતી આઠ સિદ્ધિઓ, રસાયન વિદ્યા, અંજનવિદ્યા, ધાતુવાદ આદિ લૌકિક સિદ્ધિઓ અને ધ્યાન, મન્ત્ર, સમાધિ, યોગ આદિ લોકોત્તર પ્રાપ્તિઓ ચિત્તપ્રસન્નતા ન હોય તો (અમૃતને બદલે) વિષ જેવી લાગે છે.

સંકલ્પ, ચિન્તા અને વિષયવડે આકુળ લોકો યથાસ્થિત તત્ત્વને જાણતા નથી. સંસારની પીડાવડે પીડિત તે લોકોને સ્વપ્નમાં પણ સમાધિનું સુખ મળતું નથી.

ક્યારેક એક શ્લોક જ પરમતત્ત્વના પથને પ્રકાશિત કરનારો હોય છે; કરોડો ગ્રંથોનું પઠન જનરંજન માટે કરવાનો કોઈ અર્થ નથી.

સંજીવની એક જ ઔષધ બરોબર છે. બાકી તો મૂળિયાનો ભારો ફોગટ શ્રમને કરનારો હોય છે.

તાવત્ સુખેચ્છા વિષયાદિભોગે,
યાવન્મનઃ સ્વાસ્થ્યસુખં ન વેત્તિ ।
લબ્ધે મનઃસ્વાસ્થ્યસુખૈકલેશે,
ત્રૈલોક્યરાજ્યેઽપિ ન તસ્ય વાઞ્છા ॥૩૩॥
ન દેવરાજસ્ય ન ચક્રવર્તિન-
સ્તદ્વૈ સુખં રાગયુતસ્ય મન્યે ।
યદ્વીતરાગસ્ય મુનેઃ સદાત્મ-
નિષ્ઠસ્ય ચિત્તે સ્થિરતાં પ્રયાતિ ॥૩૪॥
યથા યથા કાર્યશતાકુલં વૈ,
કુત્રાપિ નો વિશ્રમતીહ ચિત્તમ્ ।
તથા તથા તત્ત્વમિદં દુરાપં,
હૃદિ સ્થિતં સારવિચારહીનૈઃ ॥૩૫॥
સમસુખરસલેશાત્ દ્વેષ્યતાં સંપ્રયાતા,
વિવિધવિષયભોગાત્યન્તવાંછાવિશેષાઃ ।
પરમસુખમિદં યદ્ ભુજ્યતેઽન્તઃ સમાધૌ,
મનસિ યદિ તદા તે શિષ્યતે કિં વદાન્યત્ ॥૩૬॥

વિષયભોગમાં ત્યાં સુધી જ સુખની અનુભૂતિ લાગે છે, જ્યાં સુધી મનને સ્વસ્થતાનું સુખ નથી મળ્યું.

સ્વસ્થતાનું સુખ થોડુંક મળી જાય તો પણ તે મનુષ્યને ત્રણ લોકના રાજ્યને મેળવવાની ઇચ્છા પણ થતી નથી.

રાગી દેવરાજને કે ચક્રવર્તીને તે સુખ નથી; જે વીતરાગ અને આત્મનિષ્ઠ મુનિના ચિત્તમાં હોય છે.

સેંકડો કાર્યોથી આકુળ ચિત્ત ક્યાંય વિશ્રામ પામતું નથી. અને એ રીતે શુભવિચાર વિહોણા પુરુષો માટે આ તત્ત્વ દુષ્પ્રાપ્ય છે.

સમતાના સુખનો રસ સહેજ મળતાં જ વિવિધ વિષયોના ભોગની ઇચ્છા દૂર થાય છે.

જો આ પરમસુખ સમાધિદશામાં મળે તો બોલો, બીજું શું બાકી રહ્યું ?

# ચંદ્રયશ સ્વાધ્યાય

## ભાગ-૧

(૧) શક્રસ્તવ સ્તોત્ર-સાર્થ
(૨) પરમજ્યોતિઃ પંચવિંશતિકા-સાર્થ
(૩) પરમાત્મપંચવિંશતિકા-સાર્થ
(૪) સિદ્ધર્ષિગણીરચિત જિનસ્તવના-સાર્થ
(૫) કુમારપાલરચિત સાધારણ જિનસ્તવના-સાર્થ
(૬) સિદ્ધર્ષિગણીરચિત જિનસ્તવનાનો પદ્યાનુવાદ
(૭) કુમારપાલરચિત સાધારણ જિનસ્તવનાનો પદ્યાનુવાદ
(૮) નારદભક્તિ સૂત્ર-સાર્થ
(૯) અપૂર્વ અવસર

## ભાગ-૨

(૧) સમતાશતક-સાર્થ
(૨) સમાધિશતક-સાર્થ
(૩) ગુરુબહુમાનકુલક-સાર્થ
(૪) હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા-સાર્થ

## ભાગ-૩

(૧) દેવચંદ્રજીકૃત અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય-સાર્થ
(૨) અધ્યાત્મગીતા-સાર્થ

## ભાગ-૪

(૧) ઉત્તરાધ્યયનસૂત્રની ચૂંટેલી ગાથાઓ-સાર્થ

## ભાગ-૫

(૧) આચારાંગસૂત્રની ચૂંટેલી ગાથાઓ-સાર્થ

"Bharat Graphics" Ahmedabad. Ph. 079-22134176, 09925020106